Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




વીર સં. ૨૫૦૪, ઓકટોબર [ ૪૨૦ ] વર્ષ ૩૫ : અંક ૧૧

# ‘સંતોની કરુણા’

રે દુરાત્મન્! હે દુષ્ટ આત્મા!! અરે તું શું માને છે! રાગથી ભિન્ન ચૈતન્ય ચમત્કાર તારી ચીજ છે તેને તો તું જાણતો ને માનતો નથી ને રાગાદિને તારી ચીજ માને છો! તારી દૃષ્ટિ મૂઢ છે. રાગમાં સુખબુદ્ધિ છે તેથી આનંદકંદ પ્રભુ ઢંકાઈ ગયો છે. રાગના વિકલ્પમાં સુખ છે, મજા છે એમ માનનારને સ્વભાવભાવ ઢંકાઈ ગયો છે. બીજી રીતે રાગ છે તે અજીવ છે, એ અજીવ ભાવમાં રોકાવાથી તેને જીવભાવ ઢંકાઈ ગયો છે. રાગને જે દેખે છે તે અજીવને દેખે છે, અચેતનને દેખે છે. રાગ છે તે ચૈતન્યરૂપી સૂર્યનું કિરણ નથી એ કારણે રાગને અચેતન કહીને પુદ્‌ગલ કહ્યુ છે. સાંભળવાનો જે રાગ છે એ રાગ પણ પુદ્‌ગલ છે. એ ચૈતન્યસ્વભાવથી વિપરીત સ્વભાવ છે. હે દુરાત્મન્! તું એ પુદ્‌ગલને તારો કેમ માને છે? એક બાજુ ૭૨મી ગાથામાં ભગવાન કહ્યો. અહીં રાગને પોતાનો માનનારને, રાગ કરતાં કરતાં કલ્યાણ થઈ જાય એમ માનનારને સંતોએ રે દુરાત્મન્! રે આત્માનો ઘાત કરનારા! –એમ કહ્યું. રાગના કણને પોતાનો માનનાર આત્મઘાતક છે. રાગની વૃત્તિનો જેને રાગ છે તે આત્માનો ઘાત કરનારા છે. તેથી કરુણાથી સંતો અપ્રતિબુદ્ધને કહે છે કે રે આત્મઘાતી! તેં આત્માના શુદ્ધ સ્વભાવનો અનાદર કર્યો માટે આત્માનો ઘાત કર્યો છે. શાસ્ત્ર શ્રવણનો રાગ હો કે શાસ્ત્રવાંચનનો રાગ હો પણ એ પુદ્‌ગલ છે. તેમાં ચૈતન્યના પ્રવાહ ન આવ્યા. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં ભગવાન ચૈતન્યના પ્રવાહ આવ્યા છે પણ દયા–દાન આદિના રાગમાં ચૈતન્યના રસનો અંશ પણ નથી આવ્યો ને તેને તું તારા માનીને ત્યાં રોકાઈ ગયો માટે તું આત્મઘાતી છો. રાગ છે તે પુદ્‌ગલ છે, એ પુદ્‌ગલને પોતાના માનનારા આનંદના નાથનો ઘાત કરે છે. સંતોની કરુણા તો

(અનુસંધાન પાનું ૩૧ ૫૨)

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૫
અંક ૧૧




વીર
સંવત
૨૫૦૪
A. D. 1978
OCTO.

## દેશનાલબ્ધિના યોગમાં

# દુર્લભ એવા આત્માના એકત્વની ઉપલબ્ધિ કર

આત્માનું એકત્વપણું સર્વત્ર સુંદર છે એમ ત્રીજી ગાથામાં કહીને હવે અહીં કહે છે કે આત્માનું એકપણું સુલભ નથી. સમસ્ત જીવલોકને કામભોગબંધનની કથા સુલભ છે, કેમ કે એકેન્દ્રિયથી માંડીને અજ્ઞાની પંચેન્દ્રિય સુધીના સમસ્ત જીવોને રાગનું કરવું ને રાગનું ભોગવવું એ તો અનંતવાર સાંભળવામાં, પરિચયમાં તથા અનુભવમાં આવી ગયું છે. નિત્યનિગોદના જીવને પણ કામભોગબંધનની કથા અનંતવાર સાંભળવામાં કેવી રીતે આવી? –કે કામભોગનું મૂળ એવા રાગનું કરવું ને ભોગવવું એવો અનુભવ નિત્યનિગોદના જીવને પણ હોવાથી તેણે પણ અનંતવાર કામભોગબંધનની કથા સાંભળી છે. જેને કામભોગબંધનની કથા અનંતવાર શ્રુત, પરિચિત ને અનુભૂત છે એવો સમસ્ત અજ્ઞાની જીવલોક સંસારરૂપી ચક્રના મધ્યમાં, નિરંતરપણે પંચપરાવર્તનરૂપ પરિભ્રમણને પામીને અનંત દુઃખમાં પિલાઈ

રહ્યો છે. એવા સમસ્ત જીવલોકને મિથ્યાત્વરૂપી ભૂતડાએ વશ કરીને, બળદની જેમ પરના કર્તૃત્વનો ભાર વહેવડાવ્યો હોવાથી, તૃષ્ણારૂપી રોગના દાહથી અંતરંગ પીડાતો થકો પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ઘેરો ઘાલી રહ્યો છે. તેથી કામભોગસંબંધી બંધ કથા સમસ્ત જીવલોકને સુખે પ્રાપ્ત છે, સુલભ છે. પરંતુ અંતરંગમાં સદા પ્રગટ પ્રકાશમાન એવું આત્માનું એકપણું નિર્મળ ભેદજ્ઞાન જ્યોતિ વડે દેખાય એવું હોવા છતાં કષાયચક્ર સાથે એકરૂપ જેવું કરતો હોવાથી તથા એકત્વપણું કહેનાર ગુરુની સેવા નહિ કરી હોવાથી, આત્માનું એકપણું પૂર્વે કદી સાંભળવામાં આવ્યું નથી, પરિચયમાં આવ્યું નથી કે અનુભવમાં આવ્યું નથી, તેથી તે સુલભ નથી.

( શ્રી સમયસાર ગાથા–૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

'એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે તે લોકમાં બધેય સુંદર છે' –એમ ત્રીજી ગાથામાં કહીને હવે આચાર્ય મહારાજ એ એકત્વની દુર્લભતા બતાવે છે.

**શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

## ❀ કામભોગની કથા તો સૌને સુલભ છે ❀

આ સમસ્ત જીવોને–એમ કહેતાં નિગોદના બધા જીવો આવી જાય કે જેમાંના કેટલાય તો નિગોદમાંથી બહાર પણ નીકળ્યા નથી છતાં તે સમસ્ત જીવોએ ઈચ્છા કરવી ને ઈચ્છાને ભોગવવી એવો ઉપદેશ સાંભળ્યો છે, સાંભળ્યો છે એટલે? –કે સાંભળવાનું જે પરિણામ–ભોગવટો તે તેને છે. નિગોદના જીવને કામભોગનો અનુભવ છે તેથી તેણે સાંભળ્યું છે એમ આવી ગયું. એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેકે ગયો એવું જૈનનું મુનિપણું લીધું પણ તે સર્વને રાગનો અનુભવ છે.

કામભોગસબંધી કથા એટલે કે રાગનું કરવું ને રાગનું ભોગવવું. નિગોદના જીવને પણ ક્ષણમાં શુભ ને ક્ષણમાં અશુભ રાગનું કરવું ને રાગનું ભોગવવું છે જો કે

રાગનું કરવું ને ભોગવવું એ એકપણાથી અત્યંત વિરુધ્ધ છે, આત્માનું બૂરું કરનાર છે. રાગ છે તે વર્તમાનમાં બૂરું કરે છે અને તેના ફળમાં પણ બૂરું કરનાર છે. આત્માનું અત્યંત બૂરું કરનાર છે તોપણ એ કામભોગસંબંધી કથા પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે એટલે કે શુભરાગ કરવો ને ભોગવવો એમ પૂર્વે કુગુરુ પાસેથી અનંતવાર સાંભળ્યું છે. આ તો સત્યનું ઉદ્ઘાટન–પ્રસિદ્ધિ છે; કોઈ વ્યક્તિનો અનાદર નથી, એ પણ પ્રભુ છે ને ભાઈ!

એક લસણની કટકીમાં અસંખ્ય શરીર ને એક શરીરમાં અનંતા જીવ, એવો એવો તો સૂક્ષ્મ નિગોદથી આખો લોક ભર્યો છે. એ બધાએ રાગને કરવા ભોગવવાની કથા અનંતવાર સાંભળી છે એટલે કે અનુભવી છે. દ્રવ્યલિંગ ધારણ કર્યાં પછી પણ કોઈ ક્ષેત્ર બાકી રહ્યું નથી કે જ્યાં અનંત જન્મ–મરણ કર્યાં ન હોય! પણ પુણ્ય–પાપ તત્ત્વથી ભિન્ન જ્ઞાયકતત્ત્વનો કદી અનુભવ કર્યો નથી.

રાગને સાંભળવાનો ને તેનો પરિચય અનંતવાર કર્યો છે. સત્સમાગમને નામે અસત્સમાગમ અનંતવાર કર્યો છે. દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય ને અંદરમાં રાગથી લાભ માનતો હોય એનો સત્સમાગમના નામે અનંતવાર પરિચય કર્યો છે. શાસ્ત્રમાં આવે કે સત્સમાગમ કરવો. તેથી બહારમાં ત્યાગી નગ્ન મુનિ થયો હોય ને અંદરમાં રાગથી ધર્મ મનાવતા હોય તેને સત્ માનીને અનંતવાર તેનો પરિચય કર્યો છે. એવા અસત્સમાગમનો અનંતવાર પરિચય કર્યો છે અને તેથી રાગથી કલ્યાણ થશે–એમ અનંતવાર સાંભળવા મળ્યું છે અને તેનો અનુભવ પણ તને અનંતવાર થયો છે. રાગનું વેદન તને અનંતવાર થયું છે, એ કાંઈ નવું નથી.

ઓહોહો! શરૂઆતની ગાથાઓ! –પહેલી બાર ગાથામાં સમાડી દેવું છે ને! –પછી તો તેનો વિસ્તાર છે. આ ગાથાઓ! અમૃતનો સાગર ભગવાન છે તેનો અનુભવ કર–એમ કહેવા માટે આ ગાથાઓ છે. પ્રભુ તું તારા ઘરમાં જાને! તારા ઘરમાં જવા માટેની આ વાત છે! શું સંતોની વાણી! અગાધ ગંભીર! થોડા શબ્દોમાં પણ જેના ભાવનો પાર ન આવે એટલા ભાવો ભર્યા છે.

## ❁ પાંચ પરાવર્તોને લીધે નિરંતર ભ્રમણ કરી રહેલો જીવલોક ❁

કેવો છે જીવલોક? –અનંતા જીવો કેવા છે? –કે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે. શુભ ને અશુભભાવ એ બન્ને સંસારરૂપી ચક્ર છે, એકલી કર્મધારા તેના મધ્યમાં આ જીવલોક સ્થિત છે. પુણ્ય–પાપ, પાપ–પુણ્ય એમ થયા જ કરે છે એવા સંસારરૂપી ચક્રના મધ્યમાં જીવલોક સ્થિત છે.

આખો લોકાકાશ અનંતા પરમાણુથી ઠાંસી ઠાંસીને ભર્યો છે, એ બધા તારા સંયોગમાં અનંતવાર આવી ગયા. એવા દ્રવ્યપરાવર્તનો તેં અનંતવાર કર્યાં છે. આ શરીરના રજકણો પહેલી જ વાર આત્માના સંયોગમાં આવ્યા છે એમ નથી. આ પહેલાં આ રજકણો અનંતવાર સંયોગમાં આવી ગયા એવા અનંતા દ્રવ્યપરાવર્તનો કર્યાં છે, એવી રીતે ક્ષેત્રપરાવર્તનો પણ અનંતવાર કર્યાં છે. કેમ કે લોકનું ક્ષેત્ર તો અસંખ્ય પ્રદેશી છે તેથી દરેક પ્રદેશે અનંતવાર જનમ્યો છે. સિદ્ધ બિરાજે છે તે ક્ષેત્રે પણ અનંતવાર નિગોદના જીવ તરીકે જન્મયો છે. તેવી રીતે અનંતા કાળ પરાવર્તનો કર્યાં છે. કાળના અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યાં છે. ભવ પરાવર્તન અનંતવાર કર્યાં, ચારે ગતિના ભવ અનંતવાર કર્યાં છે. આ પરાવર્તનો કેમ કર્યાં છે? –કે તારી પાસે પ્રભુ બિરાજે છે તેને તું માનતો નથી ને એક સમયની પર્યાયને તુ માને છે, પણ પ્રભુને તું જોતો નથી તેથી આ પરાવર્તન કર્યાં છે.

શુભ અને અશુભ ભાવના પણ અનંત પરાવર્તન કર્યાં છે. નિગોદમાંથી પણ ભલે નીકળ્યા ન હોય પણ તે જીવે શુભ–અશુભભાવ અનંતવાર કર્યાં છે. ભાવરૂપ અનેક પરાવર્તનો કર્યાં છે. એ કાંઈ નવી ચીજ નથી. નિગોદમાંથી બહાર નીકળ્યા નથી છતાં શુભાશુભના અનંતા પરાવર્તન કર્યાં છે. આખો જીવલોક કેવો છે તેની વાત કરે છે તેથી નિગોદના જીવો પણ અનંતવાર શુભાશુભભાવો કરી ચૂકયા છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તનને લઈને જીવોને ભ્રમણ પ્રાપ્ત થયું છે.

## ❀ સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોહરૂપી ભૂત ❀

અહીં સમસ્ત જીવલોક કહેતાં સમ્યગ્દ્રષ્ટિ જીવો સિવાયની વાત છે. સમસ્ત જીવો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવના અનંતા પરાવર્તનો કરી રહ્યાં છે, જોકે ઘણા જીવોએ તો ભાવ સિવાયના પરાવર્તનો કર્યાં નથી પરંતુ તેનું મૂળ એવું મિથ્યાત્વ પડયું હોવાથી તેમ કહ્યું છે. એ રીતે સમસ્ત જીવલોકને અનંત પરાવર્તનને લઈને ભ્રમણ પ્રાપ્ત થયું છે. એ આખા જીવલોકમાં મિથ્યારૂપી ભૂતનું જ રાજ્ય ચાલે છે. જ્યાં હોય ત્યાં મિથ્યાત્વ, મિથ્યાત્વ, મિથ્યાત્વ. કાંઈક કરું કરું–એવું મિથ્યાત્વરૂપી ભૂતડું વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનારું છે. દિગંબર નગ્ન મુનિ દ્રવ્યલિંગી કે જેને મહાવ્રતાદિ છે તેને પણ મિથ્યાત્વરૂપી ભૂતે વશ કરી લીધા છે, વ્રત આદિથી ધર્મ થશે એમ મિથ્યાત્વે તેને વશ કરી લીધા છે. મોટા માંધાતાઓને પણ મિથ્યાત્વે હેઠે પાડયા છે. મિથ્યાત્વનું આખા વિશ્વમાં ચલણ ચાલે છે.

## ❀ બળદની જેમ ભાર વહેવડાવતું મિથ્યાત્વરૂપી ભૂત ❀

એ મિથ્યાત્વનું મોટું ભૂત જીવોને બળદની પેઠે ભાર વહેવડાવે છે. વસ્તુ અંદર છે કે

જે વ્યવહારની અપેક્ષા વિના પ્રગટ થાય છે, તેના બદલે ‘આપણે પરિષહ આદિ સહન કરીએ છીએ, સહન કરતાં કરતાં ધરમ થાશે’ –એમ મિથ્યાત્વરૂપી ભૂતડે જીવને બળદની જેમ ભાર વહેવડાવ્યો છે. રાગ છે તે ભાર છે. સારા નિમિત્ત હોય તો આત્માનું કાંઈક થાય–એમ મિથ્યાત્વરૂપી ભૂતડે તેને ભાર વહેવડાવ્યો છે. ભાઈ ! આ તો વિદેહની વાતો છે.

બળદને જેમ ધોંસરી નાખી ૨૫–૫૦ મણ ભાર વહેવાડે તેમ મિથ્યાત્વરૂપી ભૂતડું શુભરાગ કરવો જોઈએ ને ! –એમ અજ્ઞાનીને ભાર વહેવડાવે છે. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચયને પમાશે–એમ મિથ્યાત્વરૂપી ભૂતડે બળદની જેમ અજ્ઞાનીને રાગની ક્રિયાનો ભાર વહેવડાવ્યો છે. એકત્વની પ્રાપ્તિ કેમ નથી ? –તેની આ વાત ચાલે છે. ચોવીયારા અપવાસ કરીએ તો નિર્જરા થાય–એમ મિથ્યાત્વરૂપી ભૂતડે તેની પાસે બળદની જેમ ભાર વહેવડાવ્યો છે.

મિથ્યાત્વરૂપી ભૂતડે તેને રાગમાં જોડી દીધો છે. ભલે તે મહાવ્રતાદિનો રાગ હો, પણ એ કલેશ છે, એ ક્લેશમાં મિથ્યાત્વરૂપી ભૂતડે તેને જોડી દીધો છે તેથી ‘પરનું કાંઈક ભલું કરું’ આદિ તૃષ્ણારૂપી રોગ જોરથી ફાટી નીકળ્યો છે. આ કરું આ કરું–એવી તૃષ્ણારૂપી રોગનો દાહ જોરથી ફાટી નીકળ્યો છે. શુભ રાગ પણ દાહ છે. ગમે તેવો શુભ રાગ હો પણ એ તૃષ્ણારૂપી રોગની દાહ છે.

## ❁ તૃષ્ણારૂપી રોગના દાહથી અંતરંગમાં પીડાઈ રહ્યો છે ❁

આ કરું, આ કરું, આ કરું પંડિતાઈ કરું, જગતને ઘણું ઘણું સમજાવું, દુનિયાને લાભ થાય તો મને પણ કાંઈક લાભ થાય ને ? –એમ તૃષ્ણારૂપ દાહે તેને સપડાવી દીધો છે. ભાઈ ! અંતરમાં જવું હોય તો બાહ્યની રુચિ છોડી દે ! બીજાને ઉપદેશ દઉં ને તેનાથી મને લાભ થાય–એ તૃષ્ણારૂપી દાહ છે, એ દાહથી એને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે.

અહીં તો રાગથી વાત શરૂ કરીને પછી વીતરાગ સ્વભાવમાં લઈ જવો છે. શુભરાગને ધર્મ માની બેઠો. પણ અરે ! એ તો તૃષ્ણારૂપી રોગનો દાહ છે, તેનાથી અંતરંગમાં પીડા ઉત્પન્ન થાય છે. પ્રભુ ! એ તો કલંક છે. શુભ રાગ હો તે જુદી વાત છે. હોય તેને પૃથક્ તરીકે જાણે એ જુદી વાત છે.

આહાહા ! મિથ્યાત્વનું એકછત્ર રાજ્ય ચાલે છે ! બાળકથી માંડીને મોટો મહાવ્રતધારી દ્રવ્યલિંગી હો પણ તેમના ઉપર એક મિથ્યાત્વનું શાસન ચાલે છે. પ્રભુ ! રાગથી તને પીડા છે, રાગના દાહથી અંતરંગ પીડાય છે. જે અંતરંગ ચીજ છે, જે શાંતરસનો પિંડ છે કે જેમાં વિકલ્પનું પણ સ્થાન નથી એવા ધ્રુવધામની તેં નજર કરી નથી તેથી ત્યાં

જવા માટે આ વાત કરે છે, કોઈના તિરસ્કાર માટે આ વાત નથી, પણ સત્યના પ્રકાશન માટે આ વાત છે.

વેપાર, ધંધા, ભોગમાં, ખાવા–પીવાની સગવડમાં રાજીપણું માને છે પણ એ તો પાપ છે, તેમાં બળી રહ્યો છે ને સુખ માને છે, પણ અહીં તો કહે છે કે શુભરાગમાં ઠીકપણું માને છે પણ તેમાં તારી પર્યાય બળી રહી છે ભાઈ! બહારની ચીજના ભપકામાં જેટલો આકર્ષાઈ જાય છે તે તો પીડા છે પણ શુભ રાગ છે તે પણ દાહ છે, દુઃખ છે, અંતરંગની પીડા છે.

મિથ્યાત્વને લીધે તૃષ્ણારૂપી રોગ ફાટી નીકળતાં, અંતરંગ પીડા થવાથી, આકળો બનીને મૃગજળ જેવા પાંચ ઇન્દ્રિયના વિષયોના સમૂહને અજ્ઞાની ઘેરો ઘાલે છે. ઘડીકમાં શબ્દ, ઘડીકમાં રસ, ઘડીકમાં રૂપ એમ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં એક પછી એક એમ ઘેરો ઘાલે છે. જેમ કાંતવા બેઠેલો એક પછી એક રૂની પૂણી જોડે છે તેમ અજ્ઞાની એક પછી એક એમ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ઘેરો ઘાલે છે તથા પરસ્પર આચાર્યપણું પણ કરે છે એટલે કે પરસ્પર એક બીજા તે પ્રમાણે કહીને અંગીકાર કરાવે છે કે બીજાનું ભલું કરો, દાન કરો, મંદિર કરો, આમ કરો તેનાથી તમારું કલ્યાણ થશે–એમ એકબીજાના મિથ્યાત્વનું પોષણ કરે છે. એક આવી પ્રરૂપણા કરે ને બીજા કહે પ્રમાણ વચન એમ અંગીકાર કરે.

## ❀ ભેદજ્ઞાન વડે આત્માનું એકત્વ સ્પષ્ટ દેખવામાં આવે છે ❀

એ રીતે આ કારણે કામભોગની કથા તો સૌને સુલભ છે, એટલે કે રાગનું કરવું ને ભોગવવું એ ભાવ તો સુલભ થઈ પડયો છે. પરંતુ દયા–દાન આદિનો જે વિકલ્પ છે તેનાથી ભિન્ન નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશ વડે ભગવાન આત્માને સ્પષ્ટ દેખવામાં આવે છે. પરનું લક્ષ છોડીને, પરને જાણનાર હું છું એ લક્ષ પણ છોડી નિર્મળ ભેદજ્ઞાનના પ્રકાશ વડે સ્પષ્ટ પ્રત્યક્ષ આનંદ સ્વરૂપ પ્રભુ દેખવામાં આવે છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં આનંદસ્વરૂપ પ્રભુને પરથી ભિન્ન, દયા–દાન આદિના ભાવથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. શાસ્ત્રથી સાંભળીને કે ધારણાથી ભિન્ન જાણ્યો છે એમ નહીં, કેમ કે એ તો રાગમિશ્રિતપણે જાણ્યું છે. પરંતુ રાગથી ભિન્ન નિર્મળ ભેદજ્ઞાનના પ્રકાશ વડે આત્માને ભિન્ન દેખવો તેને ભિન્ન જાણ્યો કહેવાય–એમ કહીને ઉપાય કહ્યો.

દેહાદિથી ભિન્ન, રાગથી ભિન્ન, પરના જાણવાના લક્ષથી પણ ભિન્ન માત્ર આ

આત્માનું એકપણું અંતરંગમાં સદાય પ્રગટરૂપ પ્રકાશમાન છે. અંતરંગમાં ચૈતન્ય ચમત્કારથી પ્રકાશમાન પ્રભુ બિરાજે છે, પણ એણે એને જાણ્યો નથી. કેમકે કષાયચક્ર સાથે–શુભાશુભ કષાયના સમૂહ સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી આત્માનું એકપણું અત્યંત તિરોભાવ પામ્યું છે. કષાયચક્ર સાથે ભગવાન આત્મા એકરૂપ થયો નથી પણ એકરૂપ જેવું કરવામાં આવ્યું છે એટલે કે એકરૂપ માનવામાં આવ્યું છે.

પુણ્ય ને પાપના ભાવો સાથે એટલે કે કષાયચક્ર સાથે એકરૂપ જેવું કર્યું છે–માન્યું છે. પુણ્ય પાપ સાથે એકરૂપ થયો નથી હો! –પણ એકરૂપ માન્યું છે. ભગવાન આત્માને નિર્મળ ભેદજ્ઞાનજ્યોતિ વડે દેખવામાં આવે એવી ચીજ હોવા છતાં પુણ્ય–પાપના કષાય સમૂહ સાથે એકરૂપ જેવું માન્યું છે. અંતરંગમાં ચૈતન્ય પ્રકાશમાન જ્યોતિ છે તે રાગ સાથે એકરૂપ કદી થયો નથી. બે વચ્ચે સંધિ છે. જેણે રાગ ને કષાય સાથે એકપણું કર્યું છે, માન્યું છે તેને જ્ઞાયકપણું લક્ષમાં આવતું નથી તેથી ઢંકાઈ ગયું છે.

## ❀ ગુરુની સેવા કદી કરી નથી ❀

જ્ઞાયક તો છે તે છે, પણ અજ્ઞાની કષાય સાથે એકપણું કરે છે તેથી તેને તે જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવતો નથી તેથી તે અત્યંત તિરોભૂત થઈ ગયો છે. બીજી રીતે કહીયે તો પર્યાયદૃષ્ટિ હોવાથી તેને દ્રવ્યસ્વભાવ અત્યંત તિરોભૂત થઈ ગયો છે. ચૈતન્ય સહજાત્મા આનંદનું પૂર પ્રગટ પ્રકાશમાન છે છતાં તેને તે ઢંકાઈ ગયો છે. તારી મોટપ તો એવી છે કે જો તું તારી મોટપને દૃષ્ટિમાં લઈને રાગથી ભિન્ન પડે તો તું જણાય એવો જ છે. પરંતુ પોતે આત્માને નહીં જાણનારો હોવાથી વળી બીજા કે જેઓ આત્માને જાણનારા છે તેની સેવા નહિ કરી હોવાથી, સેવા એટલે? –કે રાગ રહિત આત્મા છે એમ તે જાણનારઓએ કહ્યું પણ તેં રાગ રહિત આત્માને જાણ્યો નહીં, જાણનારની આજ્ઞા પ્રમાણે તેં તારો આત્મા જોયો નહીં, તેથી તે ગુરુની સેવા કરી નથી.

ગુરુએ કહ્યું કે તારું સ્વરૂપ વીતરાગ છે અને અમારું કહેવાનું તાત્પર્ય વીતરાગતા તને પ્રગટ થાય એ છે, પણ તેં માન્યું નથી. ગુરુની સેવાથી કલ્યાણ થાય પણ એનો અર્થ શું? –કે વીતરાગ સ્વરૂપને બતાવનારે કહ્યું તે પ્રમાણે પોતાના વીતરાગ સ્વરૂપને જાણવાથી કલ્યાણ થાય. જ્ઞાનસ્વરૂપી આત્માને માન્યો ત્યારે તેણે ગુરુની સેવા કરી કહેવાય.

## ❀ એ રીતે આત્માનું એકપણું સુલભ નથી ❀

પોતે તો અનાત્મજ્ઞ છે એટલે કે રાગ પોતાનો નથી તેને પોતાનો માનીને બેઠો છે. વળી જેણે રાગથી ભિન્ન આત્માને જાણ્યો છે તે તને રાગથી ભિન્ન આત્માને જાણવાનું

કહે છે પણ તે તેં ન કર્યું. ગુરુએ કહ્યું તે પ્રમાણે આત્માને જાણ્યો નહીં તેથી તેણે ગુરુની સેવા કરી નથી. સ્વના આશ્રયે વીતરાગતા થાય છે એમ ગુરુની આજ્ઞા હતી પણ એ પ્રમાણે ગુરુની સેવા કદી કરી નથી. વળી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું નથી. વાત કાને પડી હોય પણ અંદરમાં ભાવ પ્રગટ કર્યો નથી એટલે સાંભળ્યું નથી. સાંભળવાનું પરિણામ ન આવ્યું હોય તો તે સાંભળ્યું નથી. કેવળી પાસે અનંતવાર ગયો છે છતાં પૂર્વે કદી તેં સાંભળ્યું નથી, કેમકે રાગથી ભિન્ન પડવું એ સાંભળવાનું પરિણામ છે, એ પરિણામ આવ્યું નથી તેથી તેં કદી સાંભળ્યું નથી ને કદી પરિચયમાં પણ આવ્યું નથી. આ કારણે રાગથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.

રાગનું એકત્વ કરીને બેઠો છો, અનાત્મજ્ઞ છો તથા ગુરુની સેવા કરી નથી એટલે કે આજ્ઞા માની નથી. વળી કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી, અનુભવમાં આવ્યું નથી માટે ભિન્ન આત્માનું એકત્વપણું સુલભ નથી. આચાર્યદેવ કહે છે કે અમારું કહેવું તો એમ છે કે ભેદજ્ઞાનથી જણાય એવો આત્મા છે તેને જાણવો. પરંતુ તેને જાણવાનો કદી પ્રયત્ન કર્યો નથી, તેથી પરથી ભિન્ન આત્માનું એકત્વપણું સુલભ નથી.

## ❀ દેખાદેખી ❀

બીજા છોકરાને ભણવા જતાં દેખી પોતે પણ ભણવા જાય, બીજાને વેપાર કરતાં દેખે એટલે પોતે પણ વેપાર કરવા લાગે, બીજાને લગ્ન કરતાં દેખે એટલે પોતે પણ લગ્ન કરે–એમ બીજાને કરતાં જોઈ જોઈ પોતે પણ તેમ કરવા માંડે. અહો! જગત દેખાદેખી કરવામાં ટેવાઈ ગયું છે. અરે! સમ્યગ્દ્રષ્ટિ હોય તેને પણ વેપાર કરતાં દેખે, લગ્ન કરતાં દેખે, પૂજા–ભક્તિ આદિ કરતાં દેખે એટલે એ દેખાદેખીએ પોતે પણ તેમ કરવા માંડે, પણ સમ્યગ્દ્રષ્ટિ તો અંદરમાં ભગવાનને દેખે છે એને દેખને! તારા અંતરમાં રહેલાં ભગવાનને દેખવાનો કોઈ દિ' પ્રયત્ન કર્યો છે? ભાઈ! તારા ભગવાનને દેખવાનો પ્રયત્ન કરવા જેવો છે. ભગવાનને દેખવાની દેખાદેખી કર તો તારું ભવભ્રમણ ટળશે. (-પૂજ્ય ગુરુદેવ)

# એકત્વ-વિભક્ત આત્માને
# સ્વાનુભવથી પ્રમાણ કર

દુર્લભ એવું આત્માનું એકત્વ-વિભક્તપણું મારા નિજવિભાવથી દર્શાવીશ, પણ તું સ્વયં પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે એમ શિષ્યને આચાર્ય મહારાજ આદેશ આપે છે. હું તો મારા સમસ્ત નિજવિભવથી આત્માને દર્શાવીશ પણ તું એમને એમ હા એ હા ન કરતો પરંતુ પરીક્ષા કરીને પ્રમાણ કરજે. હું જે કહું તે તું ભાવભાસનથી પ્રમાણ કરજે, હા પાડજે, એમ ને એમ ઊભો ન રહીશ પણ પુરુષાર્થ ઊપાડજે. તું સાંભળવા આવ્યો છો અને હું તને મારા નિજ વૈભવથી દર્શાવું છું તો તું એ એકત્વ-વિભક્ત આત્માને પ્રાપ્ત કરજે.

જે નિજ વૈભવથી તને આત્મા દર્શાવું છું તે નિજ વૈભવની ઉત્પત્તિમાં નિમિત્ત કોણ હોય? -કે સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને 'स्यात्' પદની મુદ્રાવાળા જિન પરમાગમ જ તેમાં નિમિત્ત હોય. કલ્પિત શાસ્ત્રોથી નિજવિભવ પ્રગટ ન થાય. પાંચમાં આરાના છેલ્લા ભાગમાં પણ જે સમ્યગ્દર્શન પામશે તેઓને સર્વજ્ઞની વાણી જ નિમિત્ત થશે, અન્ય કલ્પિત વાણી નિમિત્ત નહીં હોય. એ સર્વજ્ઞદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતની પરંપરા નિર્મળવિજ્ઞાનઘન આત્મામાં અંર્તનિમગ્ન હતા. બીજી રીતે કહીયે તો મુનિ એને કહીયે કે જે નિર્મળવિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હોય. તેઓશ્રીની કૃપાથી અમને અપાયેલ શુદ્ધાત્માના ઉપદેશ વડે મારા નિજવિભવનો જન્મ થયો છે કે જે પ્રચુરસંવેદસ્વરૂપ સ્વસંવેદનની મહોર-છાપવાળો છે. એવા મારા

નિજવિભવ વડે હું તને શુદ્ધાત્મા બતાવીશ પરંતુ શબ્દ, વ્યાકરણ આદિના પ્રકરણમાં ક્યાંય ચૂકી જાઉં ને તને ખ્યાલ આવે તો ત્યાં ન રોકાતા, આત્માની મુખ્યતા હોવાથી, તારા પોતાના સ્વાનુભવપ્રત્યક્ષવડે તું શુદ્ધાત્માને પ્રાપ્ત કરજે.

( શ્રી સમયસાર ગાથા–૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી )

આચાર્ય મહારાજ કહે છે કે ભિન્ન આત્માનું એકત્વ સુલભ નથી તેથી અમે રાગથી ભિન્ન આત્માનું એકત્વ દેખાડીયે છીએ, તેને તું અનુભવથી પ્રમાણ કરજે.

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

આચાર્ય મહારાજ કહે છે કે હું પોતે મારા અનુભવથી મારા નિજ વૈભવથી –અતીન્દ્રિય આનંદની નિજ દશા એ મારો નિજ વૈભવ છે તેનાથી–તને કહીશ. હું મારા નિજ વૈભવથી એકત્વ–વિભક્ત આત્માને દેખાડું છું અને જો હું દેખાડું તો તું પ્રમાણ કરજે હો ! સ્વીકાર કરજે હો ! એકલી વાતને ધારીને નહીં પણ અનુભવથી પ્રમાણ કરજે. દેખાડવાનો ભાવ આવ્યો તેથી દેખાડું છું પણ તું સ્વાનુભવથી પ્રમાણ કરજે.

## ❁ મારા નિજવિભવથી આત્મા બતાવું તો અનુભવથી પ્રમાણ કરજે ❁

જેમ હું કહેવા માંગુ છું કે રાગથી ચૈતન્ય પ્રભુ ભિન્ન છે ને પોતાની જ્ઞાનસંપદાથી અભિન્ન છે–તો તું અનુભવથી તેમ પ્રમાણ કરજે. અમે દેખાડીએ તે નિષ્ફળ ન જાય હો ! અમે દેખાડીયે તે તું પ્રમાણ કરજે–એવા જ જીવો લીધા છે. હું જે દેખાડું છું એ તારા ભાવમાં ભાસે છે કે નહીં ?

બીજી રીતે કહે છે કે તું ભાગ્યશાળી છો કે આવી વાત તારે કાને પડે છે. તેથી કહે છે કે હું જે કહેવા માંગુ છું તે ભાવભાસનથી તું પ્રમાણ કરજે. આહાહા ! વીતરાગી સંતો વીતરાગભાવ પ્રગટ કરવાની જ વાત કરે છે. સંતો જે વાત કહે છે તે વીતરાગ સ્વરૂપની દ્રષ્ટિ કરાવવાની જ વાત કરે છે, કેમકે વીતરાગ સ્વરૂપની દ્રષ્ટિ કરે ત્યારે વીતરાગતા પ્રગટ થાય છે. તેથી કહે છે કે હું કહું છું તેની હા પાડજે, એમ ને એમ ઊભો ન રહીશ પણ પુરુષાર્થ ઊપાડજે.

જેમ છે તે હું તને સંભળાવું છું ને છે તેને તું સાંભળવા આવ્યો છો તો છે તેને

તું પ્રાપ્ત કરજે. એનું જે અસ્તિત્વ છે તેને અનુભવ કરીને પ્રમાણ કરજે. ચૈતન્ય ચમત્કારી પ્રભુ છે તેને અમે બતાવીએ છીએ. તો તું જોઈ લેજે કે એવો પ્રભુ છે કે નહીં ? છતી ચીજ ભગવાન અંદર બિરાજે છે, કલ્પવૃક્ષ કામધેનુ એવો એ ભગવાન પોતે જ છે– એમ અંદરમાં જઈને, અનુભવમાં જઈને એને અનુસરીને હા પાડજે.

હું દેખાડીશ એમ કહ્યું. દેખાડનારી તો વાણી છે પણ તે મારા ભાવને અનુસરીને આવશે અને તું પણ તારા સ્વભાવને અનુસરીને અનુભવથી પ્રમાણ કરજે. વસ્તુ જેવી છે તેવી જ વાત આવશે પણ વાણીમાં વ્યાકરણ સંબંધી કોઈ ફેર હોય અને તને જ્ઞાન હોય તો તું ત્યાં ન રોકાઈશ. ભાઈ ! અનંતગુણનો હીરલો પ્રભુ છે, તેમાં જવા માટે તને તે દેખાડીયે છીએ. તો તું ત્યાં જજે હો પ્રભુ! આહાહા! પંચમ આરાના મુનિ પંચમઆરાના પ્રાણીને આમ કહે છે. સર્વજ્ઞના વિરહ હોવા છતાં આટલા જોરથી કહે છે કે અમારા શ્રોતા આવા હોય.

અમારો વૈભવ તો અમે પર્યાયમાં પણ પ્રગટ કર્યો છે પણ તારો જે પૂરણ અતીન્દ્રિય આનંદ સ્વરૂપનો વૈભવ કે જેમાં શુભ વિકલ્પનો તો અભાવ છે પણ અનુભવની પર્યાયનો પણ જેમાં પેસવાને અવકાશ નથી, –એ વૈભવને અમે બતાવીએ છીએ તો તું અનુભવથી પ્રમાણ કરજે. ઓહોહો ! એક ગાથાએ ન્યાલ કરી નાખે ! પ્રભુ ! સબ અવસર આવી ગયા છે એમ મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે. અહીં તો સબ અવસર આવી ગયો એમ નહીં પણ તું થા જ એમ કહ્યું છે. આહાહા ! પ્રભુ ! તું બધુ ભૂલી જા અને તું જે ભગવાનને ભૂલી ગયો છો એને યાદ કર. તેં ભૂલવા જેવી ચીજને બહુ યાદ કરી ને યાદ કરવા જેવો છે એ ભગવાનને તું ભૂલી ગયો. બાપુ ! તો હવે હું તને વાણી દ્વારા ઈશારો કરું છું તો હવે તને જે સાંભળવાનો વિકલ્પ છે તેનાથી પણ પ્રભુ અંદર ભિન્ન છે તેને યાદ કર.

આહાહા ! આવો ઉપદેશ ! –કેવળી અત્યારે નથી એને તું યાદ ન કર. ભગવાનના વિરહને પણ ભૂલી જા. વર્તમાન કેવળજ્ઞાનની પર્યાયનો પણ વિરહ છે તેને ભૂલી જા. તું પૂરણ પરમાત્મા છો તેને અનુભવજે કે જેને અમારે દેખાડવો છે. 'વસ્તુની જે સ્થિતિ છે એમાં હું ચૂકી જાઉં તો ધ્યાન રાખજે' –એમ નથી, વસ્તુ તો જેમ છે તેમ કહેવાશે. વાણી વસ્તુને બતાવશે તેમાં ફેર નહીં આવે પણ વ્યાકરણના ઘણા નિયમમાં ક્યાંય ફેર પડે ને તને ખ્યાલ આવે તો ત્યાં ન ઊભો રહીશ, અમે તને જ્યાં લઈ જવા માંગીએ છીએ ત્યાં જાને !

ઓહોહો ! પહેલી બાર ગાથા તો પીઠિકા છે, ભૂમિકા છે, ઓટલો છે ! સમયસારે

તો ગજબ કામ કર્યું છે. એક શબ્દમાં વાચક–વાચ્ય કેટલા જોરદાર છે. આચાર્યમહારાજ કહે છે કે જે કાંઈ મારા આત્માનો નિજ વૈભવ છે, વિશુદ્ધ પરમાત્માનું સમ્યગ્દર્શન –જ્ઞાન ને રમણતા તથા તેના સ્વાદની દશાનો જે મારો વૈભવ છે, તેના વડે હું તને કહીશ. સર્વજ્ઞ પરમાત્માને જે પ્રગટ થયું છે તે અમને પ્રતીતિમાં છે અને તેમની વાણીમાં પણ જે આવ્યું તે અમને પ્રતીતિમાં છે. તેથી જે કાંઈ મારા આત્માનો નિજ વૈભવ છે એટલે કે પ્રગટેલી દશારૂપ નિજ વૈભવ છે તેના વડે હું તને આત્મા દેખાડીશ.

સર્વજ્ઞનો જે વૈભવ છે તેની અત્યારે વાત નથી પણ મારો જે નિજ વૈભવ છે, પૂરણ સ્વરૂપની પ્રતીતિ, જ્ઞાન, રમણતા વગેરે અનંત ગુણની વર્તમાન વ્યક્ત અવસ્થારૂપ મારો નિજ વૈભવ જેટલો પ્રગટયો છે ને! તે સર્વથી હું કહીશ. આહાહા! શું શબ્દો! અમૃત ઝર્યાં છે. જગતના ભાગ્ય કે આ સમયસાર રહી ગયું, ભેટણું આપ્યું છે! જેટલો વૈભવ અમને પ્રગટયો છે તે સર્વથી કહીશ એનો અર્થ એ કે વાણીમાં ક્યાંય ઓછપ કે ખામી નહીં આવે. કહેવું છે એ તો વિકલ્પ છે, પણ એ વિકલ્પનું અહીં અમારે લક્ષ નથી. વિકલ્પથી કહીશ એમ નથી પણ મારો જે વૈભવ છે, જ્ઞાન, આનંદ, શાંતિ, આદિ ગુણની વ્યક્તતા જે પ્રગટી છે તે સર્વથી હું કહીશ.

પોતાના સ્વરૂપમાં એકત્વ છે ને રાગથી વિભક્ત છે એવો જે એકત્વવિભક્ત આત્મા તેને મારા નિજ વૈભવ વડે દર્શાવીશ. આત્માને દર્શાવીશ એમ કહ્યું કેમ કે પ્રયોજનભૂત છે તેને દર્શાવીશ અને તેમાં બધું આવી જશે. છ દ્રવ્યો ને બીજા સિદ્ધો આદિને બતાવીશ એમ નહીં! હું તો મારા નિજ વૈભવથી એકત્વ–વિભક્ત આત્માને બતાવીશ, એવો મેં નિર્ણય કર્યો છે. તેથી જે દર્શાવું તેનો અનુભવથી તું પણ નિર્ણય કરજે.

### ❀ પરમાગમની ઉપાસનાથી મારા નિજવિભવનો જન્મ થયો છે ❀

મારા નિજ વૈભવથી દર્શાવીશ એમ કહ્યું હતું તેથી કેવો છે મારા આત્માનો નિજ વૈભવ? –તે હવે કહે છે. આ લોકમાં જેટલી ચીજો છે તે સમસ્તને પ્રકાશ કરનાર અને સ્યાત્ પદની મુદ્રાવાળો એટલે કે કથંચિત્ કહેવાની છાપવાળો જે શબ્દબ્રહ્મ અર્થાત્ અર્હંતદેવે કહેલાં પરમાગમ તેની ઉપાસનાથી મારા નિજ વૈભવનો જન્મ થયો છે. એટલે કે બીજા નિમિત્તોથી નિજ વૈભવ પ્રગટ નહીં થાય–એમ કહીને સર્વજ્ઞની વાણી સિવાય કલ્પનાથી કહેલાં શાસ્ત્રોનો નિષેધ કર્યો. મારો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો વૈભવ વીતરાગ સર્વજ્ઞના પરમાગમના લક્ષ વડે, સેવા વડે, તેમાં કહ્યું છે તે પ્રમાણે માન્યું, અનુભવ્યું તેનાથી તે પ્રગટ થયો છે. એ રીતે અર્હંતદેવને ઓળખવા, તેની વાણી કેવી હોય તે ઓળખવું ને તેની ઉપાસના કરવી એમ કહીને નિમિત્ત કેવું હોય તે વાત સિદ્ધ કરી.

આહાહા! ગંભીરવાણી! અમૃતચંદ્રઆચાર્યે અમૃતના દરિયા વહેવડાવ્યા છે. મારા નિજ વૈભવની ઉત્પત્તિ અર્હંતદેવના વચનથી–પરમાગમોથી છે. તેથી અર્હંતદેવની વાણીમાંથી આવેલી આ વાતો છે.

પોતાના કાળમાં અહીં ભગવાન તો ન હતા પણ તે વખતે અર્હંતદેવની વાણીમાંથી રચાયેલાં જે પરમાગમો હતા તે મારા નિજ વૈભવમાં નિમિત્ત હતા, બીજા કલ્પિત શાસ્ત્રો નિમિત્ત ન થાય. પાંચમાં આરાના છેડાએ પણ જે સમ્યગ્દર્શન પામશે તેને પણ સર્વજ્ઞની વાણી જ નિમિત્ત થશે, અન્ય વાણી–કલ્પિત વાણી નિમિત્ત નહીં હોય એમ કહે છે.

નિજ વૈભવમાં નિમિત્ત કોણ? –કે ત્રણકાળ ત્રણલોકના સમસ્ત પદાર્થો છે તેને કહેનારી વાણી–શબ્દબ્રહ્મ તેમાં નિમિત્ત છે. એ વાણીની–શબ્દબ્રહ્મની છાપ શું? –કે 'સ્યાત્' પદની છાપ છે. જેમ અનુભવમાં અતીન્દ્રિય આનંદની મહોર–છાપ છે તેમ શબ્દબ્રહ્મની મહોર–છાપ 'સ્યાત્' પદ છે. ભગવાન આત્મા વિશ્વસમય છે. શ્રુતજ્ઞાનમાં પણ વિશ્વને જાણનારો છે. વસ્તુના કાર્ય માટે કોઈ પરદ્રવ્ય કારણ નથી એવો એનો ગુણ છે અને તેને પ્રકાશનારી ભગવાનની વાણી છે. એ વાણીમાં આ આવ્યું છે કે તારો પ્રભુ આનંદનો નાથ છે, તેને તેના કાર્ય માટે પરદ્રવ્યની અપેક્ષા નથી ને પરના કાર્ય માટે તારા કારણની જરૂર નથી.

પ્રભુ પોતે પૂરણ જાણવાની તાકાતવાળો છે તેથી તેને વિશ્વસમય આત્મબ્રહ્મ કહે છે અને વાણી સમસ્ત વિશ્વને કહેનાર હોવાથી શબ્દબ્રહ્મ છે. ભગવાનને બન્ને પૂરું થયું છે–આત્મબ્રહ્મ અને શબ્દબ્રહ્મ. ભગવાન સર્વને જાણે છે માટે આત્મબ્રહ્મ છે અને વાણી સર્વને કહેનારી છે માટે શબ્દબ્રહ્મ છે. તેની ઉપાસનાથી મારા આત્માનો નિજ વૈભવ પ્રગટ થયો છે. સર્વજ્ઞ સિવાય બીજી કોઈ વાણી આત્માના અનુભવમાં નિમિત્ત પણ ન થાય. શબ્દબ્રહ્મથી કાંઈ થાય નહીં પણ નિમિત્ત હોય તો શબ્દબ્રહ્મ જ. વીતરાગતા પ્રગટવામાં નિમિત્ત શબ્દબ્રહ્મ જ હોય છે, તે સિવાય કોઈ કલ્પિત વાણી આત્મધર્મ પ્રગટવામાં નિમિત્ત પણ હોઈ શકે નહીં. નિજ વૈભવ પ્રગટે છે આત્મબ્રહ્મમાંથી પણ તેમાં નિમિત્ત છે શબ્દબ્રહ્મ. અને ગુરુની વાણી છે એ શબ્દબ્રહ્મને અનુસરનારી હોવાથી ગુરુવાણી આત્મધર્મ પ્રગટવામાં નિમિત્ત હોય છે.

## ❀ સમસ્ત વિપક્ષના નિરાકરણપૂર્વક મારા નિજવિભાવનો જન્મ થયો છે ❀

વળી તે નિજ વૈભવ કેવો છે? –કે સત્યથી વિરુધ્ધ કહેનારા જેટલા વિપક્ષ તે એકાંત છે, જૂઠા છે એમ નિર્ણય કરવામાં સમર્થ જે અખંડ નિર્બાધ યક્તિ તેના વડે મારા નિજ

વૈભવનો જન્મ છે. બીજા સમસ્ત વિપક્ષો એકાંત છે એમ નિરાકરણ કરીને મને નિજ વૈભવ પ્રગટ થયો છે. સમસ્ત વિપક્ષો જૂઠા છે એમ નિરાકરણ કરીને અમારો નિજ વૈભવ પ્રગટ થયો છે એમ કહેતાં આમાં કોઈ પણ વિપક્ષ–અન્ય મત સાથે સમન્વય કરવા જાય તો નહીં ચાલે–એમ પોકાર કરે છે.

## નિર્મળવિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન ગુરુના પ્રસાદથી નિજ વિભવનો જન્મ

વળી તે નિજ વૈભવ કેવો છે? –તે કહે છે. નિર્મળ વિજ્ઞાનઘન આત્મા છે. એકલો જ્ઞાનનો પિંડ, અપરિમિત જ્ઞાનનો સમૂહ એવો નિર્મળવિજ્ઞાનઘન ત્રિકાળી આત્મા છે. એકલો વિજ્ઞાનનો સમૂહ પ્રભુ આત્મા છે તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ–સર્વજ્ઞદેવ છે. નિર્મળ વિજ્ઞાનઘન એક શબ્દે તો બસ છે; સર્વજ્ઞદેવ અને અપરગુરુ એટલે કે ગણધરાદિકથી અમારા ગુરુ પર્યંત નિર્મળવિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતાં.

આહાહા! આ સિદ્ધાંત! આ સત્યના ઉદ્ઘાટન છે. ગુરુ કેવા હોય કે પંચમહાવ્રતાદિ પાળે એમ નહીં પણ જે નિર્મળવિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હોય. કુંદકુંદાચાર્યદેવ કહે છે કે અમારા ગુરુ આવા હતા એટલે કે અમે પણ અમારા ગુરુની પરંપરામાં નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન છીએ. આહાહા! મુનિ તો એને કહીયે કે જેમ સર્વજ્ઞદેવ નિર્મળવિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન છે તેમ મુનિ પણ નિર્મળવિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હોય.

ભગવાન પછી ૫૦૦ વર્ષે કુંદકુંદાચાર્યદેવ થયા. એમના ગુરુની પરંપરા ચાલી આવી છે. એ ગુરુ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. ઠેઠ અરિહંતદેવ ને વર્તમાન ગુરુ પર્યંત બધા વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન છે એમ કહ્યું, ભેદ ન પાડયો આવા જે વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા તેમનાથી પ્રસાદરૂપે, તેમની મહેરબાનીથી અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક–કૃપાપૂર્વક ઉપદેશ, તેનાથી મારા નિજ વૈભવનો જન્મ થયો છે.

આહાહા! જુઓ સંતોની ગુરુ પ્રત્યેની વિનય–ભક્તિ! એક શુદ્ધાત્માનો જ ઉપદેશ આપ્યો? –કે હા. બધો જ ઉપદેશ શુદ્ધાત્મતત્ત્વ માટે જ આપ્યો છે. તેથી એ રીતે ગુરુએ મેહરબાનીથી કૃપા કરીને જે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ અમને આપ્યો તેના વડે અમારો નિજ વૈભવ પ્રગટ થયો છે. જેટલા ગુણો છે તેનો વિશેષ અંશ અમારી ભૂમિકા પ્રમાણે વ્યક્ત થયો છે તેમાં અમારા ગુરુનો ઉપદેશ નિમિત્ત હતો.

## ❀ પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદનની મુદ્રાવાળો નિજવિભવ ❀

વળી કેવો છે તે નિજ વૈભવ? તે કહે છે. ડુંગરમાંથી જેમ પાણી ઝરે તેમ ભગવાન આત્મામાંથી નિરંતર ઝરતો, આસ્વાદવામાં વેદનમાં આવતો, સુંદર અતીન્દ્રિય આનંદ નિરંતર વર્તે છે. નિરંતર અતીન્દ્રિય આનંદ અંતરમાં ઝરે છે, તેનો આસ્વાદ નિરંતર છે. એવી મહોર છાપવાળો અમારો નિજ વૈભવ છે. જ્ઞાનનો આટલો ઉઘાડ તે મહોર–છાપ છે તેમ નથી પણ અતીન્દ્રિય આનંદનો આસ્વાદ એ અનુભવની મહોર–છાપ છે. અમારા મુનિપણાની મહોર–છાપ શું છે? –કે અતીન્દ્રિય આનંદનો આસ્વાદ તે મહોર–છાપ છે, પંચ–મહાવ્રતાદિ મહોર–છાપ નથી. નિજ વૈભવમાં નિમિત્ત કોણ છે? તે કહીને હવે ઉપાદાન બતાવે છે કે નિરંતર આસ્વાદમાં આવતાં અતીન્દ્રિય આનંદની મહોર છાપવાળું ને પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેના વડે અમારા નિજ વૈભવનો જન્મ થયો છે. ચોથા આરાના હોય કે પાંચમાં આરાના હોય, મુનિ તો આવા જ હોય.

એ રીતે જે જે પ્રકારે મારા જ્ઞાનનો વૈભવ છે એટલે કે શ્રદ્ધા, વીર્યની સ્ફુરણા આદિ બધું જ્ઞાનનો–આત્માનો વૈભવ છે. તે વૈભવને સમસ્ત વૈભવથી હું દર્શાવું છું. હું આ સમયસારને, મારા નિજ વૈભવથી એટલે કે મારા આત્માના આનંદનું પ્રચુરસ્વસંવેદન એ મારો નિજ વૈભવ છે તેના વડે કહીશ. એ નિજ વૈભવ ઉત્પન્ન થવામાં નિમિત્ત કોણ હતા તે પહેલાં કહ્યું ને પછી કહ્યું કે અતીન્દ્રિય આનંદના પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદનથી મારો નિજ વૈભવ પ્રગટ થયો છે એમ ઉપાદાન બતાવ્યું.

## ❀ પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું ❀

હવે કહે છે કે જે જે પ્રકારે મારા જ્ઞાનનો નિજ વૈભવ છે તે સમસ્ત વૈભવથી સમયસાર દર્શાવું છું પણ તેમાં એક શરત છે કે જો હું દર્શાવું તો તારા પોતાથી જ એટલે કે તારા આત્માથી જ પોતાના અનુભવ–પ્રત્યક્ષથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે. અમે તને કહીયે છીએ કે તારો આત્મા રાગથી ભિન્ન છે તો તું સ્વંયમેવ તારા અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરજે ને પ્રમાણ કરજે. અનુવભ–પ્રત્યક્ષથી પરીક્ષા કરીને એટલે કે અનુભવ કરીને પ્રમાણ કરજે. રાગાદિથી વિભક્ત અને અંદર જે ચૈતન્ય ચમત્કાર–આનંદ સ્વભાવ તેનાથી એકત્વ એવા આત્માને હું દેખાડું તો તું તારા પોતાના અનુભવથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે.

[ અનુસંધાન પાનું ૧૯ પર ]

# મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી; ધન્ય એ દશા !

ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી. મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ–પર્યાયનો પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે. બહારમાં, શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે. પ્રતિબંધરહિત સહજદશા હોય છે; શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી. સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે. ૭૧.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

ધન્ય તે મુનિદશા. મુનિદશા એટલે? –કેવળજ્ઞાનની તળેટી, અનંતગુણ ને અનંતી નિર્મળ પર્યાયનો જેને પરિગ્રહ છે. ઘણો વિભાવ મુનિને છૂટી ગયો છે. ત્રણ કષાયનો અભાવ છે. છઠ્ઠે ગુણસ્થાને મહાવ્રતાદિનો વિભાવભાવ હોય છે. દેહમાત્ર સંયમ હેતુ હોય જો–એમ શ્રીમદ્માં આવે છે. નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હોય છે. સાધુપણું! આહાહા! એકલો નિર્મળ વિજ્ઞાનઘન છે તેમાં એકાકાર હોય છે, જેને અતીન્દ્રિય આનંદના ઉભરા આવી રહ્યા છે. એ દશા વિના મુક્તિ નથી. એકલા સમ્યગ્દર્શન–જ્ઞાનથી મુક્તિ નથી પણ ચારિત્રદશા હોય ત્યારે મુક્તિ થાય છે. એ ચારિત્રદશા કેવી હોય તે અહીં કહે છે.

જેને રાગથી ભિન્ન સહજ દશા છે, સર્વજ્ઞના કેડાયતો, સર્વજ્ઞ થનારા છે તળેટીમાં ઊભા છે. મુનિદશા સર્વ પ્રતિબંધ રહિત હોય. શ્રાવકને તો ગૃહાસ્થાશ્રમમાં હોવાથી છ કર્તવ્ય હંમેશ હોય પણ મુનિને પ્રતિબંધ રહિત દશા છે. અતીન્દ્રિય આનંદની સહજ દશા, વીતરાગદશા, અણાગારદશા હોય છે. વિભાવ ઘણો છૂટી ગયો છે તેથી પંચમહાવ્રતાદિનો વિકલ્પ હોય છે. સમયસારની પાંચમી ગાથામાં તો અરિહંતથી માંડીને અમારા ગુરુ પર્યંત નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતાં એમ કહ્યું છે.

શિષ્યોને બોધ દેવાનો, આટલું પાઠશાળાદિનું કામ કરવું જ પડશે આદિ કોઈ પ્રતિબંધ તેમને ન હોય, જંગલમાં ક્યાંયના ક્યાંય હોય, અતીન્દ્રિય આનંદની

લહેરમાં પડયા હોય. શાસ્ત્રવાંચન કરવું જ પડશે, કે શાસ્ત્રો રચવા જ પડશે એવો કોઈ પ્રતિબંધ ન હોય. સમયસાર રચવાનો વિકલ્પ આવ્યો ને તાડપત્રો પર લખીને મૂકીને જતાં રહે, પછી શ્રાવકોને ખબર હોય એટલે લઈ જાય.

ક્યાંય ભંડારમાં શાસ્ત્રો પડયા હોય તો સંશોધન આદિ કામ કરવું પડશે એવો પ્રતિબંધ ન હોય. સિદ્ધમાં એકલા થઈને રહેવું છે ને ? તેથી શિષ્યો બનાવવાનો કે તેમને ઉપદેશ દેવાનો એમ કોઈ પ્રતિબંધ હોતો નથી. અતીન્દ્રિય આનંદની લીનતા વૃદ્ધિગત જ હોય છે. મુનિને સમયે સમયે વીતરાગતાની શુદ્ધિ વૃદ્ધિ થતી જ જાય છે. સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત જ હોય છે. કેવળજ્ઞાનની તળેટી છે, કેવળજ્ઞાન લીધું કે લેશો ! અહો ! ધન્ય એ દશા !

[ સ્વાનુભવથી પ્રમાણ કર... ૧૭મા પાનાથી ચાલુ ]

રાગથી ભિન્ન ને સ્વરૂપથી એકત્વ આત્મા છે એમ અમે કહ્યું તો તું તારા પોતાથી અનુભવ કરીને પરીક્ષા વડે પ્રમાણ કરજે. પાંચમાં આરાના સંતો આ કહે છે. જ્ઞાન ને આનંદથી એકત્વ વસ્તુ છે અને ચાહે તો તીર્થંકર ગોત્રનો રાગ હોય તોપણ તેનાથી ભિન્ન છે–એવો આત્મા તને દેખાડીશ, અને જો દેખાડું તો તું અંદર અનુભવથી પ્રત્યક્ષ કરીને પરીક્ષા વડે એટલે કે ખાતરીપૂર્વક પ્રમાણ કરજે. અમે જે કહ્યું તે અનુભવથી પ્રમાણ કરજે.

અમે જે કહ્યું તે તેં સાંભળ્યું પણ હવે સાંભળવાનું લક્ષ છોડી દઈને જાતે જ પોતાના અનુભવ વડે પ્રત્યક્ષ કરીને, પરીક્ષા કરીને પ્રમાણ કરજે. એટલી શરત મૂકી છે. ત્યાર પછી છઠ્ઠી ગાથાથી કહેવાનું શરૂ કરશે પણ જે કહે તેને પોતે પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરીને પ્રમાણ કરવું. ગૃહસ્થાશ્રમમાં હો પણ તું આ રીતે અનુભવથી પરીક્ષા વડે પ્રમાણ કરજે. જો ક્યાંય અક્ષર, માત્રા આદિ પ્રકારમાં ચૂકી જાઉં અને તને ખ્યાલમાં આવે તો તેને તું પકડીશ નહીં પણ આત્માના અનુભવની મુખ્યતા હોવાથી આત્માનો અનુભવ કરજે.

[ અખંડ દ્રવ્યને ગ્રહણ કરીને મુનિરાજ... પેજ ૩પ થી ચાલુ ]

જેણે ચૈતન્યધામને ઓળખી લીધું તે સ્વરૂપમાં એવા સૂઈ ગયા કે બહાર આવવું ગમતું જ નથી. જેમ પોતાના મહેલમાં સુખેથી રહેતા હોય એવા ચક્રવર્તી રાજાને બહાર આવવું ગમતું નથી તેમ ચૈતન્યના મહેલમાં જે બિરાજી ગયા તેને બહાર આવવું મુશ્કેલ પડે છે, બહાર આવવું તેને બોજો લાગે છે; આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે છે. સ્વરૂપમાં જ આસક્ત થયો એને બહારની આસક્તિ તૂટી ગઈ છે.

જેણે ચૈતન્ય ધ્રુવધામને અંદર ઓળખી લીધું–સમ્યગ્દ્રષ્ટિએ એને ઓળખી લીધું એટલે કે સ્વરૂપનું જેને જ્ઞાન થયું છે તે સ્વરૂપમાં એવા સૂઈ ગયા છે કે તેને બહાર આવવું ગોઠતું નથી. શુદ્ધ ધ્રુવ ચૈતન્યનું જેને જ્ઞાન થયું તેને બહાર આવવું ગોઠતું નથી. ભગવાન આત્માનું જેવું ટંકોત્કીર્ણ સ્વરૂપ છે તેવું સમ્યગ્દ્રષ્ટિએ જાણી લીધું છે. એક સમયની પર્યાયથી પણ ભિન્ન જે દ્રવ્યસ્વભાવ છે તેને સમ્યગ્દર્શનમાં જાણીને પ્રતીતિ કરી લીધી છે એવા સમ્યગ્દ્રષ્ટિ આ જ હું છું એમ એ આનંદમાં સૂઈ ગયા છે તેથી તેને બહાર આવવું ગોઠતું નથી.

જેમ પોતાના મહેલમાં સુખેથી રહેતાં ચક્રવર્તી રાજાને બહાર આવવું ગમતું નથી તેમ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપે મૌજુદ છે એવા સ્વરૂપની જેને દ્રષ્ટિ થઈ છે એવા સમ્યગ્દ્રષ્ટિને બહાર આવવું ગોઠે નહીં. અશુભ રાગ તો પાપ છે પણ શુભ રાગ પણ બંધ છે, તેમાં સમ્યગ્દ્રષ્ટિને આવવું ગોઠતું નથી. અતીન્દ્રિય આનંદની મૂર્તિ અંદર છે એવી જેને ઓળખાણ થઈ તેને એ ખાણમાંથી બહાર આવવું ગમતું નથી.

ભગવાન અતીન્દ્રિય આનંદનું ચૈતન્યધામ ધ્રુવસ્વરૂપ છે એમ જેને સમ્યગ્દર્શનને સમ્યગ્જ્ઞાનમાં ભાન થયું તેને બહાર આવવું મુશ્કેલ પડે છે. ધર્મીને અશુભ ભાવમાં તો દુઃખ લાગે પણ શુભભાવમાં પણ દુઃખ લાગે છે. જેણે બદામનો મેસૂબ ચાખ્યો છે તેને બીજી સાધારણ ખોરાકની વાતુ ગમે નહીં–ગોઠે નહીં. તેમ સમ્યગ્દ્રષ્ટિએ ચૈતન્યધામનું સ્વરૂપ જોઈ લીધું છે તેને તે ધામમાંથી બહાર નીકળવું મુશ્કેલ પડે છે. ભક્તિ આદિનો ભાવ આવે છે પણ અંતરમાંથી નીકળવું ગોઠતું નથી, મુશ્કેલ પડે છે.

જેને આનંદનો સ્વાદ આવ્યો છે તેને અતીન્દ્રિય આનંદમાં રમવા માટે ચક્રવર્તીના રાજને પણ છોડી દે છે. ચક્રવર્તીની સાહ્યબી એક ક્ષણમાત્રમાં અતીન્દ્રિય

આનંદના ઉગ્ર આસ્વાદ માટે છોડી દે છે. તેને બહાર આવવું મુશ્કેલ લાગે છે, બોજો લાગે છે. બહાર આવે પણ બોજો લાગે છે. શાંતિ ને આનંદની મૂર્તિ કે જેમાં ડૂબકી મારતાં શાંતિ આવે છે તેના લીધે તેને બહાર આવતાં બોજો લાગે છે. ભૂમિકા પ્રમાણે રાગમાં બહાર આવે છે પણ તેની તેને હોંશ નથી પણ બોજો લાગે છે.


ધર્મીને પણ વ્યવહાર આવે. જ્યાં સુધી વીતરાગ થયો નથી ત્યાં સુધી વ્યવહાર આવે પણ બોજો લાગે. આહાહા! દિગંબર જૈન દર્શન સિવાય આ ચીજ બીજે ક્યાંય નથી. દિગંબર જૈન દર્શનના સંતોને અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાં ઝૂલતાં વિકલ્પ આવ્યો ને શાસ્ત્ર રચાઈ જાય છતાં તેને બોજો લાગે. શુભભાવ તો મુનિને પણ આવે, અઠ્ઠાવીસ મૂળ ગુણ આદિ વિકલ્પ આવે પણ તેને બોજો લાગે.

આંખ પાસે રેતી ઉઠાવવા જેવું આકરું લાગે છે. શુભભાવ આવે ખરો પણ આંખ પાસે રેતી ઉઠાવવા જેમ બોજો લાગે છે. અનાકુળ આનંદનો નાથ નિત્યાનંદ સહજાત્મસ્વરૂપનો જ્યાં આસક્ત થયો કે જેમાં કોઈ વિકાર નથી પણ જ્ઞાન, આનંદ આદિ અનંતા રત્નો ભર્યા છે તેનો જ્યાં આસક્ત થયો એને બહારની આસક્તિ તૂટી ગઈ છે.

અરે! એણે આ વાત સાંભળી નથી. આવો સર્વોત્કૃષ્ટ પ્રભુ છે તેની જેને દ્રષ્ટિ થઈ છે તેને વિકલ્પ આવે પણ તેનો તેને આદર નથી, હેય છે, બોજો લાગે છે. બોજો લાગે ને હેય છે એવા શુભરાગથી નિશ્ચય કેમ પમાય ભાઈ! વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પમાય કઈ રીતે? વ્યવહારની રુચિ છોડીને નિશ્ચયની દ્રષ્ટિ કર. અહીં તો કહે છે કે સમ્યગ્દ્રષ્ટિને અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ વિકલ્પમાં આવવું ગોઠતું નથી–બોજો લાગે છે.



**સૂચનાઃ-** ગુજરાતી આત્મધર્મના લવાજમનું વર્ષ જુલાઈથી જૂન રાખવામાં આવેલ છે. ચાલુ વર્ષનું લવાજમ એક સાથે ૧૯ માસનું રૂા. ૯ લેવામાં આવેલ હોવાથી દરેક ગ્રાહકોનું લવાજમ તા. ૩૦–૬–૭૯ના પૂરું થશે તેની સૌ ગ્રાહકોએ નોંધ લેવી.




**પ્રશ્નઃ-** જેના પ્રતાપે જન્મ-મરણ ટળે ને મુક્તિ મળે એવું અપૂર્વ સમ્યગ્દર્શન પાંચમાં આરામાં જલ્દી થઈ જાય?

ઉત્તરઃ- પાંચમા આરામાં ક્ષણમાં સમ્યગ્દર્શન થાય. પાંચમો આરો આત્માને નડતો નથી. પાંચમાં આરાથી આત્મા પાર છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે વીરોના કામ છે, કાયરનું કામ નથી. પાંચમા આરામાં ન થઈ શકે, હમણાં ન થઈ શકે-એમ માનનારા કાયરનું આ કામ નથી. પછી કરીશ, કાલે કરીશ-એવા વાયદા કરનારનું આ કામ નથી. હમણાં કરીશ. આજે જ કરીશ-એવા વીરોનું આ કામ છે. આત્મા આનંદસ્વરૂપ છે. તેની સામું જોવે તેને કાળ-આરો શું નડે? -શું કરે?

**પ્રશ્નઃ-** આત્મવસ્તુ અવ્યક્ત છે તો કેમ જણાય?

ઉત્તરઃ- વર્તમાન વર્તતી પર્યાય વ્યક્ત છે-પ્રગટ છે. તે પર્યાય ક્યાંથી આવે છે? કોઈ વસ્તુ છે તેમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તરંગ છે તે પાણીમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવતી નથી પણ અંદર વસ્તુ અવ્યક્ત-શક્તિરૂપ છે તેમાંથી આવે છે. વ્યક્ત પર્યાય અવ્યક્ત આત્મશક્તિને પ્રસિદ્ધ કરે છે-બતાવે છે.

**પ્રશ્નઃ-** વર્તમાન કર્મબંધન છે, હીણીદશા છે, રાગાદિ ભાવો વર્તે છે, તો શુદ્ધ આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?

ઉત્તરઃ- રાગાદિ ભાવો વર્તમાન વર્તતા હોવા છતાં તે બધા ભાવો ક્ષણિક છે, વિનાશક છે, અભૂતાર્થ છે, જૂઠા છે. તેથી તેનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્માનું લક્ષ કરતાં આત્માની અનુભૂતિ થઈ શકે છે. રાગાદિ ભાવો એક સમયની સ્થિતિવાળા છે ને ભગવાન આત્મા કાયમ ટકનાર અબદ્ધસ્પૃષ્ટ સ્વરૂપ છે. તેથી એક સમયની ક્ષણીક પર્યાયનું લક્ષ છોડી ત્રિકાળી શુદ્ધાત્માનું લક્ષ કરતાં-દ્રષ્ટિ કરતાં આત્માનુભૂતિ થઈ શકે છે.

**પ્રશ્નઃ-** ગુરુવાણીથી આત્મવસ્તુનો સ્વીકાર કરીએ છીએ છતાં અનુભવ થવામાં શું બાકી રહી જાય છે?

**ઉત્તરઃ-** ગુરુવાણીથી સ્વીકાર કરવો કે વિકલ્પથી સ્વીકાર કરવો તે ખરો સ્વીકાર નથી. પોતાના ભાવથી–પોતાના આત્માથી સ્વીકાર થવો જોઈએ. કુંદકુંદ આચાર્યે કહ્યું છે કે અમે કહીએ છીએ તે તું તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે. પોતાથી અંતરથી સાચો નિર્ણય કરે તેને અનુભવ થાય.

**પ્રશ્નઃ-** આત્માની કેવી લગની લાગે તો છ માસમાં સમ્યગ્દર્શન થાય ?

**ઉત્તરઃ-** જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયકની લગની લાગવી જોઈએ. જ્ઞાયકની ધૂન લાગે તો છ માસમાં કાર્ય થઈ જાય અને ઉત્કૃષ્ટ લગની લાગે તો અંતર્મુહૂર્તમાં થઈ જાય.

**પ્રશ્નઃ-** આત્મસ્વભાવ સુખનો સાગર છે તો વર્તમાનમાં એ સુખનો એક અંશ પણ કેમ આવતો નથી ?

**ઉત્તરઃ-** આત્મા સુખનો સાગર હોવા છતાં તેણે રાગની આડ મારી છે, રાગમાં એકતાબુદ્ધિના તાળા માર્યા છે. તેથી સ્વભાવમાંથી સુખનો અંશ આવતો નથી. રાગની એકતાબુદ્ધિના તાળા તોડી રાગથી ભેદજ્ઞાન કરે તો સ્વભાવમાંથી સુખનો અંશ પ્રગટે.

❁ અરે ભાઈ ! તું રાગાદિથી નિર્લેપસ્વરૂપ પ્રભુ છો ! કષાય આવે તેને જાણવો તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા તે તારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય કષાયોથી નિર્લેપ તરતો ને તરતો જ છે. જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે તેમ કષાય ભાવો–વિભાવો જ્ઞાનમાં જણાય છે તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પો આવે તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે, જ્ઞાયકની જાતના નથી તેથી કજાત છે, પર જાત છે, પરજ્ઞેય છે, સ્વજાત–સ્વજ્ઞેય નથી. તું જ્ઞાયકસ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

**પ્રશ્નઃ-** ઘણા વખતથી તત્ત્વનો અભ્યાસ કરવા છતાં આત્મા પ્રાપ્ત કેમ થતો નથી ?

**ઉત્તરઃ-** આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે, એના અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ, બીજે ક્યાંય રસ પડે નહિ, જગતના પદાર્થોનો રસ ફીકો લાગે, સંસારના રાગનો રસ ઊડી જાય. અહો ! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધૂન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની કચાશના લઈને કાર્ય આવતું નથી. આત્માના

આનંદ સ્વરૂપની અંદરથી ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે, તેને આત્મા પ્રાપ્ત થાય જ.

❀ જેને આત્માના સ્વરૂપની રુચિ થઈ છે તેને શુભરાગ આવે છે, પણ તેને રાગની વિરક્તિનો વૈરાગ્ય હોય છે અને આત્માના અસ્તિ તરફનો શાંત ઉપશમ રસ હોય છે. રાગ હોવા છતાં રાગથી અંશે છૂટો પડયો છે એટલો ઉપશમ રસ છે. જેને આત્માની ખરી રુચિ નથી તેના શુભ ભાવો લુખા ને ચંચળતાવાળા હોય છે. પોતાના સ્વભાવનું આશ્ચર્ય ને મહિમા ન આવે ને બીજા પદાર્થોનું આશ્ચર્ય ને મહિમા આવે છે તેના શુભભાવો લુખાને ચંચળતા વાળા હોય છે.

❀ અરે ભાઈ! તું ક્યાં રોકાઈ ગયો? બહારમાં ને બહારમાં રોકાઈ ગયો ત્યાં આત્મપ્રાપ્તિ ક્યાંથી થાય? જેમ ઘરમાં આનંદનો પ્રસંગ હોય ને કોઈ માણસ સાંજ સુધી ઘરે ન આવે તો વડીલો કહે કે અરે ભાઈ! તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો? તેમ શ્રીગુરુ કહે છે કે અરે ભાઈ! આ પરમાનંદના ધામરૂપ આત્મામાં તું આવ્યો નહિ ને બહારને બહારમાં ક્યાં રોકાઈ ગયો? કેટલાક તો સંસારના પાપના કામોમાં રોકાઈ રહે છે ને ત્યાંથી નીકળે તો શુભરાગના કામમાં બહારમાં ને બહારમાં રોકાઈને પોતાના ભગવાનને ભૂલી જાય છે. પોતાની અંદર પરમાત્મા બિરાજે છે ત્યાં આવતો નથી તેને શ્રીગુરુ ઓલંભો આપી કરુણાથી અંદર બોલાવે છે.

❀ ભાઈ! બધું આત્મામાં ભર્યું છે, બહારમાં કાંઈ નથી. આત્મામાં જ્ઞાનને સુખ ભર્યા છે ત્યાં જો–ત્યાં નજર કર, તો તને જ્ઞાન ને સુખ મળશે, બહારમાં ક્યાંય સુખ નથી. અરે! એક છોકરો મરી જાય પછી ઘરના રોવે છે કે અરે! દિકરા! તારા વિના આ મહેલ ને મકાનો સ્મશાન જેવા લાગે છે. તેમ ભાઈ! આત્માને જાણ્યા વિના બહારમાં બધું સ્મશાન જેવું છે.

❀ આત્માને જાણ્યા વિના વ્રત–તપ–ત્યાગ આદિ કરે તોપણ તે વર્તમાનમાં મિથ્યાત્વ ભાવથી દુઃખી છે. વ્રતાદિના શુભરાગથી ભિન્ન આત્મા પરમાનંદ સ્વરૂપ છે. તેના ભાન વિના ગમે તેટલા ક્રિયાકાંડ કરે તોપણ રણમાં પોક મૂકવા સમાન વ્યર્થ છે. આ વાત સત્યની સત્યતાના ઉદ્ઘાટન માટે કહેવાય છે. સત્યની પ્રસિદ્ધિ માટે કહેવાય છે, કોઈ વ્યક્તિના અનાદર માટે કે નિંદા માટે કહેવાતી નથી, પણ સત્યના પ્રકાશન માટે કહેવાય છે. બધાં જીવો શક્તિ સ્વભાવે તો ભગવાન સ્વરૂપે જ છે પણ એનો સ્વીકાર કરે ત્યારે એના કલ્યાણની શરૂઆત થશે. આ વસ્તુસ્વરૂપ તો અંદરથી આવેલ પરમ સત્ય છે. તેને કલાક બે ચાર આઠ કલાક શાંતિથી અને

મધ્યસ્થતાથી સાંભળે તો સત્ય લાગ્યા વિના રહે નહિ–એવી તેના ઘરની વાત છે.

❀ બિહારમાં એક લગ્ન મંડપમાં વર–વધુ લગ્ન–વિધિમાં મંત્ર જપતા હતા ને એકદમ વરને હાર્ટફેઈલ થતાં દેહ છૂટી ગયો. આહાહા! એ કુટુંબ ભેગું થયું હશે ને લગ્નનો કેટલો હરખ... હરખ... ચાલતો હશે! ને ક્ષણમાં વરનો દેહ છૂટતાં હાહાકાર થઈ ગયો! આહાહા! ક્ષણભંગુર દેહનો શો ભરોસો?

**પ્રશ્નઃ-** હજારો વરરાજાના લગ્ન થાય છે તેમાં આવો પ્રસંગ તો કોઈકને જ બને ને?

**ઉત્તરઃ-** અરે! આવા મરણ પ્રસંગ અનંતવાર કર્યાં છે. આવું મરણ બીજાને થયું છે તેમ ન સમજવું પણ આવા કુમરણો અનંતકાળમાં અનંતવાર પોતાને પણ થઈ ગયા છે એમ જાણીને ક્ષણભંગુર દેહનું શરણ છોડી પોતાનું શરણ લઈ મરણ આવ્યા પહેલાં પોતાનું હિત કરી લે. ભાઈ! આવા ટાણા ફરી ક્યારે મળશે? માટે તું તારું હિત કરી લે.

❀ પોતાને કેવળજ્ઞાન પ્રગટ કરવું એ તો જીવનો સ્વભાવ છે, એ ન થઈ શકે તેમ ન માન! કેવળજ્ઞાન પ્રગટ કરવું તે અઘરું પડે તેમ ન માન? જીવને પરમાણુ બનાવવો હોય તો તે ન થઈ શકે, અરે! રાગને કાયમ રાખવો હોય તો તે કાયમ રહી ન શકે, પણ શુદ્ધતા પ્રગટ કરવી તે તો જીવનો સ્વભાવ છે. એ કેમ ન થઈ શકે? તે કેમ અઘરું પડે? જીવમાં ઠરવું–શુદ્ધતા પ્રગટ કરવી એ તો જીવનો સ્વભાવ હોવાથી થઈ શકે છે. માટે ન થઈ શકે એવી માન્યતાનું શલ્ય છોડી દે!

❀ અહો! આ આત્મા સર્વજ્ઞ સ્વભાવી જ છે. જાણવું... જાણવું... જાણવું... જ જેના અંતરતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ–વાણી–મન–વિકલ્પો આદિ બધું જણાય છે, એ જાણનારો તું છો તેમ જાણ–વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે!

❀ જ્ઞાની વિષયોમાં પ્રવર્તે છે પણ તેને વિષયોનો રસ ઊડી ગયો છે. વિષયોમાં પ્રવર્તન થઈ જવા છતાં બીજી ક્ષણે ધ્યાનમાં બેસીને આનંદનો સ્વાદ લ્યે એવી મોકળાશ રાખીને રાગમાં પ્રવર્તે છે. જ્ઞાનીના અંતર–કાળજા ઓળખવા બહુ કઠણ છે ભાઈ!

❀ આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટ ઝટ મારું કામ કરવું છે. સ્વભાવમાં હઠ કામ ન આવે. માર્ગ સહજ છે, હઠથી, ઉતાવળથી, અધીરજથી માર્ગ હાથ આવતો નથી. સહજ માર્ગને પહોંચવા માટે ધીરજ ને વિવેક જોઈએ. ઋષભદેવ ભગવાન જેવાને ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્રદશા ન હતી અને ભરત ચક્રિ જેવાને પણ ૭૭ લાખ પૂર્વ રાજ્યપદને ૬ લાખ પૂર્વ ચક્રિ પદ હતા. એ જાણતા

હતા કે બંદર સ્વરૂપમાં ડુબકીરૂપ એકાગ્રતાનો ચારિત્રનો પુરુષાર્થ નથી તેથી હઠ કરતા ન હતા. કેટલાકને એમ થાય કે સમ્યગ્દર્શન થયું પણ ચારિત્ર લ્યે નહિ તો શું કામનું ? પણ ભાઈ ? અંદર સ્વભાવમાં હઠ કામ ન આવે, સહજ પુરુષાર્થથી અંદર જવાય છે. આ વાત સમજવા જેવી છે.

**પ્રશ્નઃ-** કેવળજ્ઞાનાવરણી કર્મની એવી તાકાત છે કે કેવળજ્ઞાન ન થવા દે ? કેવળજ્ઞાનને રોકે છે ?

**ઉત્તરઃ-** કર્મ તો આત્માથી ભિન્ન વસ્તુ છે. કેવળજ્ઞાનાવરણીકર્મ કેવળજ્ઞાનને રોકતુ નથી. ત્યાં તો કર્મ–પરમાણુના પરિણમનની ઉત્કૃષ્ટશક્તિ કેટલી છે તે બતાવવા કેવળજ્ઞાનાવરણી કર્મથી કેવળજ્ઞાન થતું નથી તેમ નિમિત્તથી કહ્યું છે પણ કેવળજ્ઞાન કાંઈ તે કર્મના કારણે રોકાતું નથી પણ પોતાની શક્તિના–હીણા પરિણમનરૂપ યોગ્યતાથી પરિણમે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે.

❀ અહો ! આત્મા અલૌકિક ચૈતન્યચંદ્ર છે. તેનું અવલોકન કરતાં મુનિઓને પરથી વૈરાગ્ય ઊછળી જાય છે. પરથી ઉદાસ... ઉદાસ... થઈ જાય છે. જેને આત્માનું અવલોકન નથી અને બાહરથી સ્ત્રી–પુત્ર ઘર આદિ છોડે છતાં તેને પરથી ખરો વૈરાગ્ય કહેવાતો નથી. આત્માનું અવલોકન કરનારા ધર્મી જીવ આત્મામાં રક્ત છે ને પરથી વિરક્ત છે, જ્ઞાન વૈરાગ્ય શક્તિ સહિત છે. સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થ છે તે પણ અંદરમાં તો પરથી વિરક્ત જ છે, પણ હજુ તેને થોડી આસક્તિ છે, તેથી તેમને વારંવાર નિર્વિકલ્પતા થતી નથી અને મુનિઓને તો આસકિત છૂટી ગઈ છે એથી વારંવાર અંદર નિર્વિકલ્પ અનુભવમાં જાય છે. ચૈતન્યના અમૃતનું પાન કરવા વારંવાર અનુભવમાં જાય છે. ચૈતન્યને નિહાળતા ધરાતા નથી, થાકતા જ નથી, ઉપયોગ વારંવાર અંદરમાં જામી જાય છે.

**પ્રશ્નઃ-** આ આત્માનું સ્વરૂપ ખ્યાલમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય ?

**ઉત્તરઃ-** એને યોગ્ય પુરુષાર્થ જોઈએ. અંદરમાં અપાર શક્તિ પડી છે તેનું મહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ છે જ, અપ્રગટ તો પર્યાયની અપેક્ષાએ કહેવાય છે. આમ તો વસ્તુ પ્રગટ જ છે, કાંઈ આડુ ઢાંકણું નથી. પ્રથમ વસ્તુનું મહાત્મ્ય આવવું જોઈએ. ભાન થાય તો મહાત્મ્ય આવે એમ નહીં, કેટલાક એમ લઈ લ્યે છે; પણ પહેલાં મહાત્મ્ય આવે તો મહાત્મ્ય આવતાં આવતાં ભાન થાય.

❀ આત્માને ઓળખાવવા જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે. કારણકે જ્ઞાન તે પ્રગટ અંશ છે અને આનંદનો અંશ કાંઈ પ્રગટ નથી, પ્રગટ તો આકુળતા છે; તેથી જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાનના

પ્રગટ અંશને અંદરમાં વાળે એટલે આખું સળંગ થઈ જાય છે (–દ્રવ્યગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે.) આત્માને જ્ઞાનના અંશથી ઓળખાવવાનો મૂળ હેતુ તો આ છે.

**પ્રશ્નઃ-** પોતે જ પોતાનું જ્ઞેય, જ્ઞાન ને જ્ઞાતા છે તો બીજા છ દ્રવ્યો તે જ્ઞેય ને પોતે જ્ઞાતા છે તે જ્ઞેયજ્ઞાયકસંબંધ છોડવો અશક્ય કહ્યો છે ને?

**ઉત્તરઃ-** છ દ્રવ્યો તે જ્ઞેય ને પોતે જ્ઞાતા છે, તે જ્ઞેય–જ્ઞાયકનો સંબંધ છોડવો અશક્ય કહ્યો છે ત્યાં તો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે અને અહીં તો સ્વ અસ્તિત્વમાં રહેલાં પોતે જ જ્ઞેય જ્ઞાન ને જ્ઞાતા છે તેમ નિશ્ચય બતાવીને પરનું લક્ષ છોડાવ્યું છે.

❀ જ્ઞેય–જ્ઞાયક સંબંધી પણ જીવને ભ્રાંતિ રહી જાય છે. છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે. જીવથી ભિન્ન પુદ્ગલ આદિ છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે એમ નિશ્ચયથી નથી. અરે! રાગ તે જ્ઞેય ને આત્મા જ્ઞાયક એમ પણ નથી. પરદ્રવ્યોથી લાભ તો નથી પણ પરદ્રવ્યો જ્ઞેય ને તેનો તું જાણનાર છો એમ પણ ખરેખર નથી. હું જાણનાર છું, હું જ જણાવા યોગ્ય છું, હું જ મને જાણું છું. પોતાના અસ્તિત્વમાં જે છે તે જ સ્વજ્ઞેય છે એમ પરમાર્થ બતાવીને પર તરફનું લક્ષ છોડાવ્યું છે.

❀ આત્મા પરદ્રવ્યને કરતો તો નથી, પરદ્રવ્યને અડતો તો નથી, પણ પરદ્રવ્યને ખરેખર જાણતો પણ નથી. પોતાનો આત્મા જ ખરેખર જાણવા લાયક જ્ઞેય છે ને પોતે જ જ્ઞાન ને જ્ઞાતા છે. સ્વ અસ્તિત્વમાં જ પોતાનું જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાન સમાય છે, પરને જાણે છે એ વ્યવહાર છે. નિમિત્ત–નૈમિત્તિક સંબંધનો વ્યવહાર બતાવ્યો છે. સેટિકાની ગાથામાં (સમયસાર ગાથા ૩૫૬–૩૬૫ માં) પણ જ્ઞાન પોતાને જાણે છે તે નિશ્ચય ને જ્ઞાન પરને જાણે છે તે વ્યવહાર એમ કહ્યું છે.

❀ પોતાની અપેક્ષાએ બીજા દ્રવ્યો અસત્ છે, પોતે જ સત્ છે. પોતે જ પોતાનો જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાનરૂપ સત્ છે. માટે પોતાના સત્નું જ્ઞાન કરવું. પોતાના સત્નું જ્ઞાન કરતાં અતીન્દ્રિય આનંદની ઝલક આવ્યા વિના રહે જ નહીં; અને આનંદ ન આવે તો તેણે પોતાના સત્નું સાચું જ્ઞાન કર્યું જ નથી. મૂળ તો અંતરમાં વળવું એ જ આખા સિદ્ધાંતનો સાર છે.

**પ્રશ્નઃ-** ક્રમબદ્ધ પર્યાય દ્રવ્યમાં ગોઠવાયેલી જ છે?

**ઉત્તરઃ-** પર્યાય ક્રમબદ્ધ દ્રવ્યમાં ગોઠવાયેલી જ છે, એ સર્વજ્ઞ પ્રત્યક્ષ જાણે છે. નીચેવાળાને પ્રત્યક્ષ નથી પણ યોગ્યતા અનુસાર પર્યાય ક્રમબદ્ધ થાય છે તેમ અનુમાન જ્ઞાનથી જાણે છે. ❀ ❀ ❀ ❀ ❀

# ❁ બે મિત્રો ❁

**ધરમચંદભાઈઃ-** કેમ લક્ષ્મીચંદભાઈ, હમણાં તો દેખાતા નથી? શું પ્રવૃત્તિમાં પડયા છે?

**લક્ષ્મીચંદભાઈઃ-** ભાઈ, મને શરીરના રોગોની ચિકિત્સાનો રસ છે તેથી આયુર્વેદિક, એલોપથી આદિ તે સંબંધી શું શું કહે છે તે માટે તેના પુસ્તકોના અભ્યાસમાં પડયો છું.

**ધરમચંદભાઈઃ-** અરે ભાઈ! પૂજ્ય ગુરુદેવ તો કહે છે કે પહેલાં તો તારા આત્માના રોગની ચિકિત્સા કરવાનું શીખ! અનંત કાળથી મિથ્યાત્વના રોગથી પીડાઈને ચાર ગતિમાં રઝળી રહ્યો છો, ઈચ્છા ને તૃષ્ણાના રોગની દાહથી સળગી રહ્યો છો, માટે તેનાથી ઉગરવાનું તો પહેલાં શીખ! શરીર તો રોગની મૂર્તિ છે, રોગનું ઘર છે, તેથી શરીરના રોગની ચિકિત્સાની વ્યર્થ મહેનત છોડીને, પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશેલાં આત્મકલ્યાણના પંથે પ્રયાણ કરીને તારા મિથ્યાત્વના મહારોગનું નિરાકરણ કર.

જગતના જીવોને આત્મહિતના પંથે વાળવા, અકારણ કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી પહેલાં એક સરસ દ્રષ્ટાંત કહેતાં હતાં, તે હું તમોને કહું છું માટે સાંભળો.

એક વખત કોઈ એક શેઠ નાવમાં બેસીને સામે કિનારે જઈ રહ્યા હતા. રસ્તામાં શેઠ નાવિક સાથે વાતોએ વળગ્યા. શેઠ કહે, અલ્યા! તું શરીરના રોગની ચિકિત્સા માટે કાંઈ વૈદું શીખ્યો છો? નાવિક કહે ના રે શેઠ! હું તો આ નાવ ચલાવતાં ને પાણીમાં તરતાં શીખ્યો છું. એ સિવાય દવાના કોઈ શાસ્ત્રોનું મને જ્ઞાન નથી. ત્યારે શેઠ કહે અરે મુરખ! તારી પા જિંદગી તો નકામી પાણીમાં ગઈ. વળી શેઠે પૂછયું કે તને ખગોળ–ભૂગોળ કે વિજ્ઞાન વિશે કાંઈ જાણપણું છે? નાવિક કહે, ના રે ભાઈ સા’બ! મને તો આ પાણીમાં તોફાન કેટલું આવશે, કેવા મોજા ઊછળશે ને તેમાંથી કેવી રીતે ઊગરી જવાશે એટલું જાણપણું છું, એ સિવાય તમારા જ્ઞાન–વિજ્ઞાનની વાતોમાં હું કાંઈ ન સમજું. શેઠ કહે, અરેરે! ભાઈ, તારી તો અડધી જિંદગી પાણીમાં વ્યર્થ ગઈ. વળી આગળ જતાં શેઠ કહે કે તને નાવડું ચલાવવા સિવાય કોઈ હુન્નર–ઉદ્યોગનું કાંઈ જ્ઞાન તો હશે ને? ત્યારે નાવિક કહે, અરે શેઠજી! અમ અભણને વળી હુન્નર શું ને ઉદ્યોગ શું? અમે તો આ નાવડું

ચલાવીએ ને શાન્તિથી જીવન ગુજારીયે. ત્યારે શેઠને આ નાવિક માટે ઘણો ખેદ થયો ને તેમણે કહ્યું કે અરેરે, ભાઈ! તારી તો પોણી જિંદગી પાણીમાં ગઈ. આ તે કાંઈ જીવન કહેવાય? આજના યુગમાં તો વિજ્ઞાને કેવા કેવા ચમત્કાર સર્જ્યા છે ને તને તો તેની કાંઈ ગતાગમ પણ નથી, તારામાં ને ઢોરમાં શું ફેર? ઉચ્ચ–અભ્યાસ, લૌકિક કાર્ય કુશળતા, હુન્નર–ઉદ્યોગમાં પ્રવિણતા, સમાજમાં પોતાનું આગવું સ્થાન આદિ તેં જીવનમાં હાંસલ ન કર્યાં ને માત્ર નાવડું ચલાવતાં ને તરતાં શીખ્યો તો તારું પોણું જીવન તો વ્યર્થ ગયું ભાઈ?

આમ વાતચીત કરતાં શેઠ ને નાવિક નાવડામાં આગળ જઈ રહ્યાં હતાં. ત્યાં દૂરથી ઊછાળા મારતાં મોજાને દેખીને, તોફાનના એંધાણ પારખીને નાવિક શેઠને પૂછે છે કે શેઠ! તમે તો બધું શીખ્યા છો ને બધું હાંસલ કર્યું છે એટલે તમને તરતાં તો આવડતું જ હશે કેમ? શેઠ કહે, અરે ભાઈ? બસ એક તરતાં જ નથી શીખ્યો બાકી તો બધું શીખ્યો છું. ત્યારે નાવિક કહે શેઠ, મારી તો પોણી જિંદગી ભલે પાણીમાં નકામી ગઈ પણ તમારી તો આખી જિંદગી નકામી ગઈ. જુઓ! સામે મોજા ઊછળતાં આવે છે ને તોફાન આવી રહ્યું છે. હું તો તરતાં તરતાં સામે કિનારે પહોંચી જઈશ, બચી જઈશ પણ તમે તરતાં નથી શીખ્યા ને! એટલે તમારી આખી જિંદગી હમણાં પાણીમાં પૂરી થઈ જશે. ત્યારે શેઠને ખૂબ પસ્તાવો થવા લાગ્યો કે અરેરે! દુનિયાની ડહાપણદારીમાં પારંગત થયો પણ એનાથી શું દિ' વળ્યો? આ નાવિકની જેમ જો મને તરતાં આવડતું હોત તો!–તો હું પણ ડૂબતો બચી જાત!

ભાઈ! સંતો આ દ્રષ્ટાંતથી આપણને જાગૃત કરે છે કે ભવસાગરમાં ડૂબતાં બચવા માટે આત્મજ્ઞાનની વિદ્યામાં પારંગત થાઓ. સંસારસમુદ્રથી ઊગરવાનું સાચું સાધન આત્મજ્ઞાન જ છે એ સિવાયના વૈદ્ય–ડોકટર–વકીલ કે ઉદ્યોગોના જ્ઞાન–વિજ્ઞાન એ તો પાપના કારણભૂત કુજ્ઞાન છે. લોકમાં ચારગતિમાં રખડાવનારા લૌકિક જ્ઞાન છે, સંસારસમુદ્રમાં ડૂબવાનાં કારણરૂપ છે માટે સંસારસમુદ્રમાં ડૂબાવનારા કુજ્ઞાનનો અભ્યાસ ને રસ છોડીને આત્માને સંસારસમુદ્રમાંથી ઉગારનાર સાચા જ્ઞાનનો અભ્યાસ કરો. 'બહેનશ્રીનાં વચનામૃત' માં કહ્યું છે કે 'બધું આત્મામાં છે, બહાર કાંઈ નથી. તને કાંઈ પણ જાણવાની ઈચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર. પૂર્ણતા પ્રગટતાં લોકાલોક તેમાં જ્ઞેયરૂપે જણાશે... ' માટે આ દુર્લભ યોગ પામીને આત્મહિતનો

અભ્યાસ કરો. લૌકિક જ્ઞાન–વિજ્ઞાન એ તો સાધારણ ચીજ છે, એ કાંઈ આશ્ચર્યકારી ચીજ નથી. આત્મજ્ઞાન ને ધ્યાનમાં પારંગત ભાવલિંગી મુનિઓને તો જગતને આશ્ચર્ય પમાડે એવી અનેક ઋદ્ધિઓ સહજમાત્રમાં પ્રગટે છે. એવા અનેક આશ્ચર્યકારી પ્રસંગોનું વર્ણન શાસ્ત્રોમાં આવે છે. આપણે ફરી મળીશું ત્યારે એવા કોઈ પ્રસંગ વિશે ચર્ચાવાર્તા કરીશું.

**લક્ષ્મીચંદભાઈ:–** વાહ ભાઈ વાહ! તમારી વાતથી–પૂજ્ય ગુરુદેવશ્રીની આત્મબોધક દ્રષ્ટાંતકથાથી મને ઘણી પ્રસન્નતા થઈ. ખરેખર! જીવનમાં એક આત્મહિતનું કાર્ય જ કરી લેવા જેવું છે. બહારના જ્ઞાનમાં ઊંડા ઊતરીને દુર્લભ માનવભવ વ્યર્થ ગુમાવવા કરતાં અંતરમાં ઊંડા ઊતરીને પોતાને સંસારના રઝળપાટથી ઉગારવાનો જે ઉપાય સંતો કરુણાથી બતાવી રહ્યાં છે એ આત્મજ્ઞાનનો જ અભ્યાસ કરી લેવા જેવું છે.

**ધરમચંદભાઈ:–** બરાબર છે. પૂજ્ય ગુરુદેવ કહે છે ને! –કે:

**‘કોઈ મરણ સમય નહીં તેરા,**
**જીવ તું સમજ લે આતમ પહેલાં.’**

## સમાચાર:–

- સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રી સુખ–શાતામાં બિરાજી રહ્યાં છે. સવારે શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર તથા બપોરે ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મમસ્તીસભર પ્રવચનો ચાલી રહ્યાં છે.
- પર્યુષણપર્વ નિમિત્તે દર વર્ષની જેમ ગામોગામના મુમુક્ષુ મંડળની માગણી મુજબ અનેક વિદ્વાન–વાંચનકારો વાંચન કરવા ગયા હતા. વિશેષ વાંચનકારોના અભાવને કારણે દરેક મુમુક્ષુ મંડળની માંગણી સંતોષાઈ શકી ન હતી. પર્યુષણપર્વ પ્રસંગે થયેલી ધર્મપ્રભાવના વિશે ગામોગામથી પત્રો આવી રહ્યાં છે. સ્થળ સંકોચના કારણે ધર્મપ્રભાવનાની વિગત અત્રે રજૂ કરી શકાઇ નથી.
- પર્યુષણપર્વ પ્રસંગે ડો. હુકમચંદજી ભારિલ્લ અજમેર વાંચન કરવા ગયા હતા. તેમની ઉપસ્થિતિમાં મુમુક્ષુ મંડળ અજમેરની સ્થાપના ઘણાં ઉત્સાહપૂર્વક કરવામાં આવી તથા ગ્રીષ્મઋતુમાં શિક્ષણ–શિબિરનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે.
- ‘બહેનશ્રીનાં વચનામૃત’ વિશે પોતાનો અહોભાવ વ્યક્ત કરતાં ગોધરાથી શ્રી શામળદાસભાઈ પરીખ લખે છે કે ‘બહેનશ્રીનાં વચનામૃત વાંચીને અમને ઘણો આનંદ તથા હર્ષ થયો છે. સાદી સરળ ભાષામાં આવું સાહિત્ય બહાર પડયું તે અમારા ધન્યભાગ્ય છે. તેઓશ્રી દીર્ઘાયુષી બનો, આવું સાહિત્ય મળ્યા કરો–એ જ અભિલાષા.’

[ સંતોની કરુણા... પાનું ૨ થી ચાલુ ]

જુઓ! 'રે આત્મઘાતી!' આહાહા! દયા-દાન આદિ રાગ છે એ રાગની વૃત્તિને તું પોતાના માને છો ને સત્ સ્વરૂપ ભગવાનનો તું અનાદર કરે છો માટે તું આત્મઘાતી છો! મહાપ્રભુ જ્ઞાતા-દ્રષ્ટાના અસ્તિત્વનો તેં ઘાત કર્યો છે ને રાગના આદરથી તેં પુદ્ગલમય તારું જીવન કર્યું છે. જેમ હાથી લાડવા આદિ સ્વાદિષ્ટ ભોજનને પડસા-તૃણ સહિત ખાઈ જાય છે તેમ રાગના સ્વાદનો આસ્વાદ લેવાનું તું છોડ, છોડ. રાગ મારો છે એવો અનુભવ તું છોડ, છોડ. જેને તું ધર્મ માને છો એ દયા-દાન આદિ રાગ છે, પુદ્ગલ છે, અચેતન છે, તેને મારા માનવાનું તું છોડી દે. સુખી થવું હોયને ધર્મપંથમાં જવું હોય તો એમ માનવું છોડી દે. કેમ કે સમસ્ત વિશ્વને પ્રકાશનારા સર્વજ્ઞદેવે જીવને ઉપયોગ સ્વરૂપ દેખ્યો છે તે પુદ્ગલ દ્રવ્યરૂપ કેમ થઈ જાય? -તે રાગરૂપે કેવી રીતે થઈ જાય? -કે જેથી તું પુદ્ગલને તારા માને છો! જાણન-દેખનરૂપ નિત્ય ઉપયોગલક્ષણસ્વરૂપ જીવદ્રવ્ય છે એ રાગમાં-અજીવમાં ક્યાંથી આવી જાય? સર્વજ્ઞ ભગવાને આત્માને ઉપયોગ લક્ષણ સ્વરૂપ દેખ્યો છે ને હે દુરાત્મન્! તું રાગાદિને તારા માને છો એ ક્યાંથી આવ્યું? માટે રાગાદિ પુદ્ગલને તારા માનવા છોડી દે. પ્રકાશ અંધકારરૂપ કે અંધકાર પ્રકાશરૂપ કદી કેમ થાય? તેમ નિત્ય ઉપયોગલક્ષણ જીવદ્રવ્ય રાગાદિરૂપ કે નિત્ય અણ ઉપયોગલક્ષણ રાગાદિ જીવદ્રવ્યરૂપ કદી કેમ થાય? માટે જીવદ્રવ્ય ને રાગાદિ જડ કદી પણ એક થઈ શકે નહિ. ભલે જીવ તથા રાગ ભિન્નપણે રહીને એકક્ષેત્રે રહે પણ બન્ને કદી પણ એકરૂપ થયા નથી ને થઈ શકતા નથી માટે તું સર્વ પ્રકારે પ્રસન્ન થા. પ્રભુ! તારી ચીજ કદી રાગરૂપે થઈ નથી માટે તું તારું ચિત્ત ઉજ્જવળ કરીને, સાવધાન થઈને રાગથી ભિન્નપણે આનંદસ્વરૂપનો અનુભવ કર. પ્રસન્ન થઈને ભેદજ્ઞાન પૂર્વક આ સ્વદ્રવ્ય તે જ મારું છે એમ અનુભવ કર. **( -પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )**

[ આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો... પેઈજ ૩૬ થી ચાલુ ]

અનંતવાર પ્રાપ્ત થયેલ છે તે સર્વદુઃખ માત્ર શરીરમાં મમત્વબુદ્ધિ વડે પ્રાપ્ત થયેલ છે. માટે હજુ પણ જો શરીરમાં મમત્વ કરશો તો અનંતકાલ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરતાં થકાં દુઃખને પ્રાપ્ત થશો.

( શ્રી ભગવતી આરાધના, ગાથા ૧૬૬-૬૮. )

( ૫ )જે પ્રાણી જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેલાં તત્ત્વોમાં એકક્ષણ માત્ર પણ શ્રદ્ધા કરે છે તે અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવાની પરિપાટીને તોડી નાખે છે. ( શ્રી અમિતગતિ આચાર્ય-સુભાષિત રત્નસંદોહ, શ્લોક-૧૫૬. )

# પર્યુષણપર્વ નિમિત્તે પ્રવચન, તત્ત્વચર્ચા તથા ધર્મ-પ્રભાવનાર્થે જુદા જુદા સ્થળે ગયેલા વાંચનકારોની નામાવલિઃ–

| | પંડિત શ્રી | સ્થળ | | | પંડિત શ્રી | સ્થળ | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | લાલચંદભાઈ મોદી | મુંબઈ | અમદાવાદ | ૨૬ | રમેશચન્દજી જૈન | મલકાપુર | જલગાંવ |
| ૨ | બાબુભાઈ મહેતા | ફતેપુર મોટા | ફતેપુર મોટા | ૨૭ | પ્રદીપકુમારજી ઝાંઝરી | ઉજ્જૈન | ચન્દેરી |
| ૩ | ડો. હુકમચંદજી ભારિલ્લ | જયપુર | અજમેર | ૨૮ | કસ્તૂરચન્દજી જૈન | બેગમગંજ | મૌ |
| ૪ | નેમીચંદજી પાટની | આગ્રા | દિલ્હી | ૨૯ | અમોલકચન્દજી ‘બન્ધુ’ | અશોકનગર | દાહોદ |
| ૫ | હિંમતભાઈ ઝોબાલિયા | સોનગઢ | મદ્રાસ | ૩૦ | ધર્મચન્દજી જૈન | બડૌત | શાહગઢ |
| ૬ | જ્ઞાનચંદજી | વિદિશા | કલકત્તા | ૩૧ | શાન્તિકુમારજી | મૌ | ખનિયાધાના |
| ૭ | રતનચંદજી શાસ્ત્રી | વિદિશા | એટા | ૩૨ | કૈલાશચન્દજી જૈન | અશોકનગર | શિહોર |
| ૮ | નેમીચંદ વેણીચંદ ગાંધી | મુંબઈ | વડોદરા | ૩૩ | ચમ્પાલાલજી પટવારી | લલિતપુર | બકસ્વાહા |
| ૯ | ચીમનલાલ તારાચંદ કામદાર | સોનગઢ | ગુના | ૩૪ | પ્રહ્લાદજી જૈન | મન્દસૌર | બીના |
| ૧૦ | ઉત્તમચંદજી | સિવની | ભોપાલ | ૩૫ | પન્નાલાલજી જૈન | કરેલી | ઝાંસી |
| ૧૧ | નવલભાઈ જે. શાહ | સોનગઢ | મુંબઈ | ૩૬ | રાજમલજી જૈન | ભોપાલ | છિંદવાડા |
| ૧૨ | અભયકુમાર જૈન | જયપુર | મુંબઈ | ૩૭ | મોતીલાલજી જૈન | આરોન | વિદિશા |
| ૧૩ | ડાયાભાઈ સી. મેહતા | અમદાવાદ | ઘાટકોપર | ૩૮ | ચન્દુલાલ કોદરલાલ | ફતેપુર મોટા | ખંડવા |
| ૧૪ | પ્રાણલાલ પુરુષોત્તમદાસ કામદાર | મુંબઈ | મલાડ | ૩૯ | બ્ર. ઝમ્મકલાલજી જૈન | સોનગઢ | મુંગાવલી |
| ૧૫ | ધન્નાલાલજી | ગ્વાલિયર | ખુરઈ | ૪૦ | ભાનુકુમારજી જૈન | જયપુર | રાધૌગઢ |
| ૧૬ | કનુભાઈ | દાહોદ | મેરઠ | ૪૧ | માંગીલાલજી જૈન | ગુના | લોહારદા |
| ૧૭ | જવાહરલાલજી જૈન | વિદિશા | ફિરોજાબાદ | ૪૨ | વિમલચન્દજી ઝાંઝરી | ઉજ્જૈન | હિમ્મતનગર |
| ૧૮ | રામકિશોરજી | કોટા | કરહલ | ૪૩ | વિજયકુમારજી જૈન | બરાયઠા | ઉદયપુર |
| ૧૯ | સુશીલકુમારજી | રાધૌગઢ | સાગર | ૪૪ | સન્તોષકુમારજી જૈન | જયપુર | સનાવદ |
| ૨૦ | મધુકરજી | જલગાંવ | ધરણગાંવ | ૪૫ | રાજકુમારજી જૈન | જયપુર | જબલપુર( રાંઝી ) |
| ૨૧ | હેમચન્દ્રજી ‘હેમ’ | ભોપાલ | જયપુર | ૪૬ | નેમીચન્દજી સર્રાફ | મલકાપુર | મંડલા |
| ૨૨ | જતીશકુમારજી | જયપુર | તલોદ | ૪૭ | દેવીલાલજી મેહતા | ઉદયપુર | આગ્રા |
| ૨૩ | બ્ર. અભિનન્દનકુમારજી | જયપુર | શોલાપુર | ૪૮ | મક્ખનલાલજી | મૌ | આગ્રા( તાજગંજ ) |
| ૨૪ | શિખરચન્દજી | બડૌત | કોટા | ૪૯ | કૈલાશચંદજી જૈન | જયપુર | ઉજ્જૈન |
| ૨૫ | લાલજી રામજી | વિદિશા | અમ્બાહ | ૫૦ | મણીભાઈ ભોલાભાઈ | મુનાઈ | રતલામ |

| પંડિત શ્રી | સ્થળ | | પંડિત શ્રી | સ્થળ | |
|---|---|---|---|---|---|
| ૫૧ સુજાનમલજી મોદી | અમદાવાદ | દાદર | ૭૪ પ્રકાશચન્દજી પાંડયા | ઈન્દૌર | લલિતપુર |
| ૫૨ મનુભાઈ શેઠ | બેંગલોર | વાંકાનેર | ૭૫ શ્રેયાંસકુમાર બેલોકર | ઢસાલા | કોલ્હાપુર |
| ૫૩ રંગલાલજી જૈન | કુરાવડ | ભીલવાડા | ૭૬ તારાચન્દજી | ખડૈરી | શિવપુરી |
| ૫૪ રમેશચન્દજી જૈન | જયપુર | બડવાહ | ૭૭ જ્ઞાનચન્દજી જૈન | કરેલી | કુરાવલી |
| ૫૫ માંગીલાલજી જૈન | ઉદયપુર | લકડવાસ | ૭૮ આત્માનન્દજી | ધાનપરા | ગઢાકોટા |
| ૫૬ બાબુલાલ ટોપીવાલા | બીના | નરવર | ૭૯ ધર્મચન્દજી જૈન | અશોકનગર | મલકાપુર |
| ૫૭ જયકુમારજી જૈન | લલિતપુર | મવઈ | ૮૦ પૂરનચન્દજી જૈન | મૌ | લાખેરી |
| ૫૮ કપૂરચન્દજી જૈન | સાગર | જબેરા | ૮૧ કેવલચન્દજી પાંડયા | ગુના | ચિરગાંવ |
| ૫૯ તારાચન્દજી જૈન | સાગર | ગાજિયાબાદ | ૮૨ કુન્દનલાલજી | પથરિયા | જગદલપુર |
| ૬૦ જેઠાલાલ એચ. દોશી | સિકન્દરાબાદ | લીંબડી | ૮૩ રિખવચન્દજી | મન્દસૌર | આલોટ |
| ૬૧ બ્ર. હેમરાજજી જૈન | ભોપાલ | અલવર | ૮૪ શુભચન્દજી | વિદિશા | ખાતેગાંવ |
| ૬૨ બાબુલાલજી જૈન | બરાયઠા | માલથૌન | ૮૫ દેતાપંત લોખંડે | મદખેડે | બસમત |
| ૬૩ પૂનમચન્દજી જૈન | હિમ્મતનગર | રણાસણ | ૮૬ મોતીલાલજી જૈન | કરેલી | ડબોક |
| ૬૪ બાબુલાલજી જૈન | અશોકનગર | ઈટારસી | ૮૭ કપૂરચન્દજી કેસલીવાલે | કરેલી | ભિંડ |
| ૬૫ છગનલાલજી | લોહારદા | ડોંગરગામ | ૮૮ દેવેન્દ્રકુમારજી જૈન | સિંગોડી | ચોંરઈ |
| ૬૬ ચિન્તામણી જૈન | મૌ | ગ્વાલિયર | ૮૯ ગોવિન્દદાસજી જૈન | ખડૈરી | વાશીમ |
| ૬૭ ડો. પ્રિયંકર જૈન | મુંબઈ | હૈદરાબાદ | ૯૦ પૂનમચન્દજી છાબડા | ઈન્દૌર | સેલૂ |
| ૬૮ શાન્તિલાલ રેવાશંકર | સોનગઢ | બોટાદ | ૯૧ સુમનભાઈ શેઠ | મુંબઈ | હરદા |
| ૬૯ લક્ષ્મીચન્દજી | દિલ્હી | બાંદા | ૯૨ શિખરચન્દજી જૈન | વિદિશા | કૂંણ |
| ૭૦ કેશરીચન્દજી ‘ધવલ’ | કોથલી | નાગપુર | ૯૩ વિનોદકુમારજી | જવેરા | બેગમગંજ |
| ૭૧ રમેચન્દજી જૈન | ઈટાવા | કુશલગઢ | ૯૪ ગમ્ભીરચન્દજી વૈદ્ય | અલીગંજ | કરેલી |
| ૭૨ મહેન્દ્રકુમારજી જૈન | બરાયઠા | કુરાવડ | ૯૫ નન્દકિશોરજી | વિદિશા | બંડા |
| ૭૩ કૈલાશચન્દજી જૈન | બુલન્દશહર | દેહરાદૂન | | | |

## -: નયા પ્રકાશન:-

**( ૧ ) જૈન તત્ત્વ મીમાંસા હિન્દી ... ... ... ... ૬ = ૦૦**
**( ૨ ) સત્યની શોધ ગુજરાતી ભાગ ૧ ... ... ... ... ૨ = ૦૦**
**( ૩ ) મૂળમાં ભૂલ ગુજરાતી ... ... ... ... ૧ = ૦૦**

# વૈરાગ્ય સમાચાર

* વાંકાનેર દિગમ્બર જૈન સંઘના માનદ્ મંત્રી શ્રી જયંતીલાલ દલીચંદ શેઠ (વર્ષ–૫૬) વૈશાખ સુદ ૧ ના સ્વર્ગવાસ પામ્યા છે.

* ખેડાનિવાસી (હાલ અમદાવાદ) રીટાયર્ડ ડેપ્યુટી કલેકટર શ્રી જેઠાલાલભાઈ મોતીચંદ શાહ (વર્ષ–૮૩) તા.૨૪–૬–૭૮ ના રોજ સ્વર્ગસ્થ થયા છે.

* સમઢીયાળાનિવાસી શ્રી પોલાભાઈ ખોડાભાઈ (વર્ષ–૫૦) તા. ૨૦–૭–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગઢડાનિવાસી (હાલ–સૂરત) શ્રી ત્રંબકલાલ ભુરાલાલ કામદાર (વર્ષ–૩૬) અષાઢ વદ ૧૦ ના ભરયુવાનીમાં સ્વર્ગવાસ પામેલ છે. તેમણે સ્કુલના અભ્યાસ દરમિયાન સોનગઢમાં રહી પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમનો લાભ લીધો હતો.

* સોનગઢનિવાસી શ્રી શીવલાલભાઈ ત્રિભોવનદાસ ગાંધી (વર્ષ–૮૦) તા.૧૯–૮–૭૮ ના સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમનો લાભ લેવા સોનગઢમાં સ્થાયી રહેતા હતા.

* સુરેન્દ્રનગરનિવાસી (હાલ મુંબઈ) શ્રી ચંપાબેન મહાસુખલાલ મણિયાર (બ્ર. ગુણીબેનના માતુશ્રી) તા. ૪–૮–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૪૦ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના સત્ સમાગમનો લાભ લેતા હતા.

* સોનગઢનિવાસી શ્રી જગજીવનદાસ નાગરદાસ ઝોબાલિયા (વર્ષ–૮૪) શ્રાવણ વદ એકમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમનો લાભ લેવા ઘણા વખતથી સોનગઢ રહેતા હતા.

* શ્રી રાજકોટ દિગમ્બર જૈન મંદિરના વર્ષો જૂના પૂજારી શ્રી પોપટલાલ કાનજીભાઈ તા.૧૯–૮–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટ નિવાસી શ્રી ઉમેદચંદ કરસનજી મહેતા શ્રાવણ વદ ૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ફતેપુરનિવાસી શ્રી ભોગીલાલ નેમચંદ મહેતા (વર્ષ–૪૬) ભાદરવા સુદ ૬ ના સ્વર્ગવાસ પામ્યા છે.

* ફતેપુરનિવાસી શ્રી મીઠાલાલ મગનલાલ મહેતા (વર્ષ–૫૧) દેહાવસાન પામ્યા છે.

સદ્ગત આત્માઓ અવારનવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનાં ભવતાપશામક પ્રવચનોનો લાભ લેતા હતાં. મરણ કાળે વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુનું સ્મરણ તથા શુદ્ધાત્મનું ચિંતવન કરતાં કરતાં દેહવિલય પામ્યાં હતાં. સદ્ગત આત્માઓ વીતરાગધર્મનું શરણ પામીને આત્મોન્નતિ પામો એ જ ભાવના.

[ નોંધઃ–સ્થળ સંકોચના કારણે વિશેષ વ્યક્તિગત મરણસમાચાર આપી શકાયા નથી. ]

# અખંડ દ્રવ્યને ગ્રહણ કરીને મુનિરાજ નિરંતર સ્વરૂપમાં જાગૃત છે.

અખંડ દ્રવ્યને ગ્રહણ કરી પ્રમત્ત–અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે તે મુનિદશા. મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગૃત છે. મુનિરાજ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે, જગત જ્યાં જાગે છે ત્યાં મુનિરાજ ઊંઘે છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની' ૭૨.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

એકરૂપ ત્રિકાળ ટંકોત્કીર્ણ સ્વરૂપ અખંડ દ્રવ્યને ગ્રહણ કરીને પર્યાયમાં ક્ષણમાં અપ્રમત્ત ક્ષણમાં પ્રમત્ત દશામાં મુનિરાજ ઝૂલે છે. છઠ્ઠે–સાતમે, છઠ્ઠે–સાતમે ગુણસ્થાને ઝૂલે છે. મુનિરાજ જ્ઞાન ને આનંદમાં જાગીને પડયા છે. અનાદિથી રાગની એકતામાં ઊંઘતા પડયા હતા તે હવે જાગીને જાગૃત પડયા છે. પર્યાયમાં જાગતો જીવ ઊભો છે. આત્માના આનંદનો વીરરસ જાગ્યો છે. છઠ્ઠે આવે છતાં અંદરમાં તો મુનિરાજ નિરંતર જાગૃત છે.

મુનિરાજ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે, મુનિરાજ અતીન્દ્રિય આનંદમાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે. છઠ્ઠા ગુણસ્થાને આવે તોપણ જ્ઞાતાદૃષ્ટાની દશા વ્યક્ત પ્રગટ થઈ ગઈ છે. ત્રિકાળી જ્ઞાતાદૃષ્ટા સ્વભાવને અવલંબીને જ્ઞાતાદૃષ્ટાની જાગતી જ્યોત પ્રગટ થઈ ગઈ છે. અંદર ચૈતન્યની જાગૃત દશામાં મુનિરાજ જાગે છે ત્યાં જગત ઊંઘે છે

જગત જ્યાં જાગે છે એટલે કે સ્ત્રી–પુત્ર–પૈસા આદિને મારા માનીને જાગે છે ત્યાં મુનિરાજ ઊંઘે છે. રાગમાં વિકારમાં જગત જાગે છે ને નિર્વિકારમાં ઊંઘે છે અને મુનિરાજ વિકારમાં ઊંઘે છે. એ તરફનું લક્ષ પણ નથી ને સ્વરૂપમાં જાગે છે. મુનિરાજ તો પ્રચુર સ્વસંવેદનમાં જાગે છે ને રાગમાં ઊંઘે છે. આત્મા સિવાય વિકલ્પ આદિમાં જે સાવધાની કરે છે તે અંધકારમાં જાગૃત થયા છે કે જાણે આ અંધકાર એ મારી દશા છે અને જે ચૈતન્યપ્રકાશ છે તેમાં ઊંઘી ગયા છે. સ્ત્રી–પુત્ર આદિમાં સાવધાન થઈને જાગે છે ને મુનિરાજ તે સાવધાનીમાં ઊંઘી ગયા છે. મુનિરાજ નિજઘરમાં જાગે છે, પરઘરથી ઊંઘી ગયા છે. જગત પરઘરમાં જાગે છે, નિજઘરમાં ઊંઘી ગયા છે.

[ અનુસંધાન પાનું ૨૦ પર ]

## ❀ આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો ❀

( ૧ ) આ લોકમાં જે પદાર્થ રાગી પુરુષોને કર્મોના બંધનું કારણ થાય છે એ જ પદાર્થ વીતરાગી પુરુષોને કર્મબંધથી મુક્તિનું કારણ થાય છે, જેમ જે દહીં, ગોળ તથા ઘી સન્નિપાતથી વ્યાકુળ રોગીને મરણનું કારણ થાય છે તે જ નિરોગી પુરુષોને ઘણી જ પુષ્ટિનું કારણ થાય છે.

( શ્રી અમિતગતિ આચાર્ય–તત્ત્વભાવના, શ્લોક ૮૬ )

( ૨ ) કોઈ સમજે કે શરીરસંબંધી દુઃખ મોટું છે અને માનસિક દુઃખ અલ્પ છે. તેને અહીં કહે છે કે શારીરિક દુઃખથી માનસિક દુઃખ ઘણું તીવ્ર છે–મોટું છે. જુઓ ! માનસિક દુઃખ સહિત પુરુષોને અન્ય ઘણા વિષયો હોય તોપણ તે દુઃખ ઉપજાવવાવાળા દેખાય છે. ( સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૬૦ )

( ૩ ) નિર્મમતા ચિંતવવા માટે ક્લેશ થતો નથી, પરની યાચના કરવી પડતી નથી, કોઈની ખુશામત કરવી પડતી નથી, કંઈ ચિંતા થતી નથી, તેમજ કંઈ ધનાદિ ખર્ચવું પડતું નથી. માટે નિર્મમત્વભાવની સતત ચિંતવના કરવી.

( શ્રી જ્ઞાનભૂષણ–તત્ત્વજ્ઞાનતરંગિણી, અ. ૧૦. શ્લોક ૧૭. )

( ૪ ) હે મુનિ ! સંસારમાં જે કંઈ શરીરસંબંધી તથા મનસંબંધી દુઃખ

[ વિશેષ માટે જુઓ પેઈજ ૩૧ ]

જાણ્યે–અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય
તે સર્વેની આત્મધર્મ–પરિવાર ક્ષમા માંગે છે. –તંત્રી

તંત્રી : પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૮૦૦
( આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/= વાર્ષિક લવાજમ રૂા. ૬=૦૦ )